Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૪૩ • તા. ૨૪ ઑક્ટોબર ૨૦૧૬ થી ૩૦ ઑક્ટોબર ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## આનંદના સમાચાર !

## અમે
## સ્વ. માનનીય શ્રી નરસી ચત્રભુજ લોડાયા

(મૂળ વતન વરાડીયા, જિ. અબડાસા, કચ્છ)

**ના તમામ વંશજો....**

કેડીઓ સમાજ રાજી થાય એવી ઘોષણા કરીએ છીએ.

અમે ગર્વથી જાહેર કરીએ છીએ કે

ચાર દાયકા બાદ અમે અમારા વચ્ચેની તમામ ગેરસમજણો અને ફરિયાદ દૂર કરી છે અને

**નરસી ચત્રભુજ પરિવાર વિશાળ વડલા તરીકે ફરી એક થયો છે.**
**કારણકે અસલી મજા તો સાથ-સંગાથમાં છે.**



## Ache Din are back – Gunderwala family is one.

We aRe Family

Assli Mazzaa SAB ke Saath Aata hai.
(Shri Babuseth)

We, all the descendants of **Late Hon'ble Shri NARSI CHATRABHUJ LODAYA (Gunderwala)** of Native Varadiya District : Abdasa, KUTCH) are Very delighted, proud, and happy to Announce & Inform our K.D.O. Community that after FOUR Decades. **We have now recently Cleared ALL our misunderstandings, Hard feelings, mistrust, Grievances, Etc and have Joined/Shook our Hands together again to UNITE & Emerge as ONE Large NARSI CHATRABHUJ Family.**

| | | |
|---|---|---|
| Shri Narshi Chatrabhuj<br>Vijaya (Narshi) Pravinkant<br>Meisheri, Coimbatore. | Shri Manekji Narshi<br>Hemant Manekji Shah<br>Canada. | Shri Kantilal Narshi<br>Lalit Kantilal Shah<br>Mumbai |

# *Hearty Congratulation for Outstanding Carrier*



## Rahul Ajay Kantilal Shah (Chhedda)

Gam Tera, Taluka Abdasha • Present Residence Ahmedabad

**B. Tech in Computer Science**

from Nirma University Ahmedabad Gujarat

Date of Birth: 14th September 1988

**Rahul,** the founder of Iolite Softwares Private Limited, a first Indian Company to develop and successfully launch Iolite Intellectual Property Management Software for Patent, Trademark, Design and Copyright developed as per intellectual property standards, international laws and policies as an Associate Member of International Trademark Association and American Intellectual Property Law Association.

**Rahul** has participated in its events conducted in the year 2015-16, at Hong Kong Convention & Exhibition Centre, San Diego Convention Center, Orange County Convention Center Orlando, Florida and Marriot Wardman, Washington DC USA. With his skills of research and development he has developed and launched successfully a product made in India and adored and accepted in United States of America and in more than 25 countries.



**We wish him best of luck and heartiest blessings of God in the Journey of life to reach new heights and glorious success in achieving his Goal.**




## Siddharth Ajay Kantilal Shah (Chhedda)

Gam Tera Taluka Abdasha Present Residence City of New York.

**B. Tech in Computer Science**

from L. D. Engineering College Ahmedabad Gujarat

Date of Birth : 05th January 1995

**Siddharth,** achieved 90 % in his degree of B Tech (Computer Engineering) held in May 2016 and scored 326 marks in GRE and 116 marks in TOEFL to secure Admission in one of the top ranked college of USA at Columbia University in the city of New York to pursue Masters in Computer Science.



We wish him a successful and bright career in his Goal of Research and Development at Columbia University. At the age of 21 he has developed and launched successfully seven commercial mobile applications under the brand of IOLITE and place it on Google Play Store and Apple Store on Android and IOS platforms for the sectors of Education and Law.

## *Kantilal Jethabhai Chhedda Parivar nu Gavrau,*

**Best Wishes & Blessings**

Mother - Father : **Bharati Ajay Kantilal Jethabhai Shah (Chhedda)**

Hal Ahmedabad Gujarat

**Mobile No. : 09327000105**

**Email ID : shahajayk@hotmail.com • Website : iolitesoftwares.com**

આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

સમિતિ સભ્યો
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

અંક નં. 43/2016

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri R. R. Nagda,
Advocate High Court
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# દીપોત્સવનો ભાવાર્થ જીવનમાં ઉતારીએ

વિશ્વભરમાં એક યા બીજા રૂપે, એક યા બીજા સમયે પ્રકાશોત્સવ ઉજવાય છે. જોકે વાક્ (વાઘ) બારસથી શરૂ થઈ ભાઈબીજ એમ દીપોત્સવ તરીકે ઓળખાતો છ દિવસનો ભારતીય પ્રકાશોત્સવ તેના દરેક દિવસ પાછળની ભાવનાથી વધુ સાર્થક બને છે.

આમ તો કુદરતના ક્રમ પ્રમાણે દિવસ-રાતની જેમ પ્રકાશ-અંધકાર આવ્યા જ કરે છે પણ માનવીય વ્યવહારો માટે પ્રકાશનું મહત્ત્વ હોઈ અંધકારનો વારો હોય ત્યારે ય કંઈ નહીં તો દીપ તરીકે પ્રકાશની હાજરી ઇચ્છનીય મનાઈ છે.

ભારતીય દીપોત્સવનો અર્થ માત્ર બહાર જ નહીં અંતરમાં ય અજવાસ ફેલાવવાનો છે.

પ્રથમ આવે છે વાક્ બારસ જે મૂળે સરસ્વતિને સમર્પિત તહેવાર છે. જીવનની જડતા હરનારા તત્વોને એકી સાથે સરસ્વતિ રૂપે પૂજવાની પ્રથા ઘણી અર્થપૂર્ણ ગણાય.

જોકે સામાન્ય વ્યવહારમાં વાક્ બારસ હવે વાઘ બારસ તરીકે ઓળખાય છે અને લોકો તેને ઘર અને આસપાસના પરિસરની સફાઈનો તહેવાર માને છે. એમ ગણીએ તો પણ તેનું પય એક અલગ જ મહત્વ છે.

તે પછી આવે ધન તેરસ જે મૂળે લક્ષ્મીને સમર્પિત તહેવાર છે. જીવનને સમૃધ્ધ કરનારા તત્ત્વોને એકી સાથે લક્ષ્મીરૂપે પૂજવાની પ્રથા પણ સાર્થક ગણાય. અહીં લક્ષ્મીને સંસ્કાર લક્ષ્મી બનાવવાનો સંકલ્પ કરવાનો હોય છે એવું તહેવારોના મહત્ત્વો વિશે ચિંતન કરનારાઓનું માનવું છે.

તે પછી આવે છે કાળી ચૌદશ કે નરક ચતુર્દશીનો તહેવાર. આ દિવસ કાળીને સમર્પિત છે અને તે દિવસે ઘરમાંથી કકડાટ કાઢવાને મહત્ત્વ અપાય છે.

ત્રણ અર્થપૂર્ણ દિવસો પછી આવતો દિવાળીનો તહેવાર લોકો ચોપડા રૂપે સરસ્વતિ અને લક્ષ્મી પૂજનનો તહેવાર ગણે છે.

કહેવાય છે કે રામ આ દિવસે અયોધ્યા પહોંચ્યા એટલે ત્યાંના લોકોએ તેમના સ્વાગતમાં દીપ પ્રગટાવ્યા તેથી આ તહેવારની શરૂઆત થઈ.

**જૈનો માટે તે આ ચોવીસીના છેલ્લા તીર્થંકર મહાવીરની દેહમાંથી મુક્તિનું પર્વ છે. કેટલાક એમ પણ માને છે કે જીવંત દીપ (મહાવીર) પ્રકાશ આપતા બંધ થયા એટલે ભાવિકોએ હવે પોતપોતાના આતમરૂપી દીપકોથી પથદર્શન કરવાનું છે તેના પ્રતીક રૂપે... એ વાત યાદ રાખવા માટે આ દીવડા પ્રગટાવવાના છે.**

એ પછી વિક્રમ સંવતનું નવું વર્ષ બેસે અને લોકો તેને અનેક રીતે વધાવે. એક બીજાને નવું વર્ષ સુખ સમૃધ્ધિ વાળું અને આરોગ્યપ્રદ જાય તેવી શુભેચ્છાઓ આપે.

સમાપન રૂપે આવે ભાઈબીજનો તહેવાર એ દિવસે યમ સમય કાઢી પોતાની બેન યમીની નારાજગી દૂર કરેલી. તેથી ભાઈ બહેનના ઘરે જાય છે. બીજા અર્થમાં આ તહેવાર રોજિંદી ઘટમાળમાંથી સમય કાઢીને સંબંધ જાળવવા - તાજા રાખવાનો છે.

એકંદરે જોઇએ તો દીપોત્સવનો દરેક દિવસ જીવનને સમૃધ્ધ કરનાર દિશા સૂચક છે. જો એ ભાવનાને સમજીએ અને તે પ્રમાણે જીવીએ તો જીવનમાં અસ્વચ્છતાને, જડતાને, કે સંબંધોને અવગણવાને સ્થાન ન હોય તેમજ જીવનને પ્રકાશમય બનાવવાનો સંકલ્પ સદાય હૃદયમાં પ્રસ્થાપિત થયેલો હોય. દીપોત્સવની શુભકામનાસહ નૂતન વર્ષાભિનંદન....

## આગામી અંક વિશે સૂચના

દીવાળીની રજાઓને ધ્યાનમાં રાખીને આગામી અંક બે દિવસ વહેલો બંધ કરવો પડશે તેથી પાના મર્યાદિત હશે. જાહેરાત અને સામગ્રી મોકલનારનો વહેલી મોકલવા ખાસ અનુરોધ.

**- વ્યવસ્થાપક**

## શ્રી ભૂપેન્દ્રભાઈને લાખ લાખ વધાઈ

લાખણીયાના લાખેણા લાલ, જ્ઞાતિના સુપ્રસિધ્ધ દાનવીર, અતુલ્ય માતૃભક્ત મે. ભૂમિરાજ ડેવલપર્સના શ્રી ભૂપેન્દ્રભાઈ શાહે રૂા. ૨૪૭ કરોડની વિક્રમ બોલીમાં સીડકો પાસેથી પામ બીચ રોડ, સાનપાડામાં ૭૪૩૦ સ્કે. મીટરનો વિશાળ પ્લોટ શાસનદેવી કૃપાએ મેળવવામાં સફળ થયા છે. લાખ લાખ વધાઈ.

આપણી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિની સાહસિકતા અને વ્યાપારી કનેહ દાખવી છે. જ્ઞાતિને ગર્વરૂપ બીના છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પોતાના સાહસમાં સાંગોપાંગ સફળ બને તે માટે હાર્દિક શુભ કામના.

**– કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ

| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |
| ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા | | | |

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.




## તિલકભાઈનું અસાધારણ બહુમાન

ગદગના રોડને શ્રી તિલકભાઈ કુંવરજી લોડાયાનું નામ અપાયું એ સમગ્ર જ્ઞાતિ માટે ગૌરવની વાત છે. મહત્ત્વની વાત એ છે કે તેમના જીવતા જીવ આ સન્માન પ્રાપ્ત થયું. છે એ અર્થમાં તેઓ ખરા અર્થમાં જીવંત દંતકથા (લીવીંગ લીજેન્ડ) બની ગયા છે. **– કિશોર કુરવા,** કોચીન મહાજન વતી

## વરસી તપારાધકની અનુમોદના

ભાંડૂપના સ્વ. મંજૂલાબેન તથા સ્વ. પ્રતાપભાઈ દામજી મૈશેરીના ચિ. નિખીલ – સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની હિતચિંતક આદેશે ગયા વરસે ''વરસીતપ'' આદર્યું. (દેહના) એટલે સાંસારિક વ્યવહાર નીભાવવાના હોય તે છતાં. પારણું તો ગુરૂદેવ હિતપ્રજ્ઞા મ.સા.ની નિશ્રાએ કરવાના ભાવ હતા તે શક્ય ન થતાં ગુરૂદેવ પાસે સિધ્ધાચલ ગયો ત્યાં પણ ઉચ્ચિત તપ કરી પોતાના આનંદ માટે ભાવથી પૂજા ભણાવી પછી મુંબઈમાં પારણું કર્યું. ઘરમાં એકલો હોવા છતાં આમંત્રિત સ્નેહીઓની જાતે સરભરા કરી. ૨૦ કીલો વજન ગુમાવી પારણું કર્યું અને જોડાયો બીજા વરસી તપ તપવા ! આવા વિશેષ તપારાધકના ભાવ આગળ બે હાથ જોડીને ભાવથી ઝૂકી તો જવાય ને ? **– લહેરચંદ વેલજી મૈશેરી,** ભાંડુપ

## કૃતજ્ઞ જૈન સંઘ

વડાલા હાલ ધમે નગરી તરીકે પંકાઈ રહ્યું છે. વડાલા અચલગચ્છ સંઘના આંગણે ચાતુર્માસ પ્રવેશ અંગે પ.પૂ. ગણિવર્ય કવિન્દ્ર મ.સા. આદિ ઠાણા પ્રાપ્ત થતાં. ધાર્મિક અનુષ્ઠાનની ઇત્યાદિએ વેગ પકડવી છે અને સહનશીવડે દાતાઓ મન મૂકી વરસ્યા છે.

વડાલા અચલગચ્છ જૈન સંઘના ટ્રસ્ટીઓ અને સંઘના કાર્યકરોનો ઉત્સાહ સવાયો થયો છે. દાતાઓની ઉદારતા અને સંઘ પ્રત્યેની કર્તવ્ય ભાવના, વફાદારી અને વિશ્વાસની કદર રૂપે દરેક દાતાનું દાનની શ્રેણી મુજબ રંગબેરંગી, દાતા પરિવારના બે માનનીય સભ્યોની મુખાકૃભિઓની ગોળાકારમાં સરસ મજાની ગુંથણી કરી છે. જગ્યાની કચાશ અજુભાયા સિવાય પૂરા પરિસરમાં બેનરોને પ્રાધાન્ય આપ્યું સંઘના ટ્રસ્ટીઓએ કૃતજ્ઞતા વ્યક્ત કરવા અતિ ઉલમે નવતર પ્રયોગ આઇયોં છે. જે નિશંક પ્રશંસાને પાત્ર છે. એટલું જ નહી પ્રવેશદ્વારે મુખ્ય સ્થંભરૂપ દાતાઓના લાઈફ સાઈડ પોસ્ટરો વિના સંકોચે સ્થાપ્યા છે. બે પરિવારમાંથી એક આપણા આદરણીય દાનવીર શેઠશ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા પરિવારનું છે. આનંદ અને ગર્વની વાત છે.

**– કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ

# Shree KDO Students Association

ESTD : 1954

Organises

SPORTS EVENT

# Lakshya

*Aim To Win*

**COUNTER STRIKE** DATE: SATURDAY, 26th, NOVEMBER, 2016



**Time :** 5:00 pm Onwards...
***5 Players in Team***
***Entry Fee :*** Rs. 100/- per team, **Contact :** 98701 47741
***Venue :*** Sanghvi Sports 6/1/1, Vijay Nagar, J. N Road, Nr. Murgan Temple, Mulund (W).

**CRICKET TOURNAMENT** DATE: SUNDAY, 27th, NOVEMBER, 2016



**Time :** 9:00 am Onwards...
***Format : Underarm Box Cricket*** (10 Players In Team Incl. 1 Female + 1 Kid Below 15 Yrs. In Team)
***Entry Fee :*** Rs. 1500/- per team, **Contact :** 99302 22189
***Venue:*** Turf, R-Mall, L.B.S. Road, Mulund (West).

**CHESS** DATE: SUNDAY, 4th, DECEMBER, 2016



**Time :** 8:00 am Onwards...
Below 15 & Above 15 Knockout Matches
***Entry Fee :*** Rs. 30/- per Person, **Contact :** 98701 47741
***Venue :*** Gurukul College Ground, Tilak Road, Ghatkopar (East).

**CARROM SINGLES** DATE: SUNDAY, 4th, DECEMBER, 2016



**Time :** 8:00 am Onwards...
Below 15 & Above 15 Knockout Matches
***Entry Fee :*** Rs. 30/- per Person, **Contact :** 76663 46732
***Venue :*** Gurukul College Ground, Tilak Road, Ghatkopar (East).

**RACE EVENTS** DATE: SUNDAY, 4th, DECEMBER, 2016



**Time :** 8:00 am Onwards...
Relay Race, 100 Mtrs. Running Race, Sack Race, 3 Leg Race, Marble & Spoon, Potato Race.
***Entry Fee :*** Rs. 50/- for 6 Races **Contact** : 88984 51456
***Venue :*** Gurukul College Ground, Tilak Road, Ghatkopar (East).

**BADMINTON** DATE: SUNDAY, 4th, DECEMBER, 2016



**Time :** 8:00 am Onwards...
Only Singles, Knockout Matches
***Entry Fee :*** Rs. 30/- Per Person **Contact** : 88984 51456
***Venue :*** Gurukul College Ground, Tilak Road, Ghatkopar (East).

**VOLLEY BALL** DATE: SUNDAY, 4th, DECEMBER, 2016



**Time :** 5:00 pm Onwards...
Per Team (6 + 1) Players
***Entry Fee :*** Rs. 500/- Per Team **Contact** : 90220 23778.
***Venue :*** Gurukul College Ground, Tilak Road, Ghatkopar (East).

***DRESS CODE :*** **WHITE T SHIRT, TRACK PANT & SPORTS SHOES COMPULSORY. FOR ALL EVENTS MEMBERSHIP COMPULSORY**
**FOR FURTHER DETAILS CONTACT : 98199 85339 Like us on f : www.facebook.com / shreekdostudentsassociation**

|| શ્રી તિર્થાધિપતિ મહાવીર સ્વામીને નમઃ ||

# શ્રી જખૌ રત્નટૂંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ

**કચ્છ કાર્યાલય :** જખૌ-કચ્છ (તા. અબડાસા) પીન નં. ૩૭૦૬૪૦. ફોન નં. (૦૨૮૩૧) ૨૮૭૨૨૪

શ્રી જખૌ તિર્થમાં પર્યુષણ મહાપર્વ અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પૂ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની અસીમ કૃપા તથા યુવા આચાર્ય પ.પૂ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ના દીવ્ય આશીષ તથા ગણિવર્ય પ.પૂ. કવીન્દ્રસાગરજી મ.સા.ની શુભ પ્રેરણાથી તથા ગુરૂ પ.પૂ. સાધ્વીશ્રી ધર્મકીર્તિ મ.સા.ના આજ્ઞાવર્તીની પ.પૂ. સાધ્વીશ્રી જયકીર્તિશ્રી મ.સા. ના ચાતુર્માસ સાથે અતિ ઉત્સાહ તથા આનંદથી ઉજવાયા.

* શ્રાવણ વદ તેરસના સવારે ૯.૦૦ કલાકે પ્રભુજીના અઢાર અભિષેક પંડિત નીલેશભાઈ તથા કિશોર સાંગારની પાર્ટીના સંગાથે રાગ રાગિની સાથે થયા.
* શ્રાવણવદ ચોદશના બપોરના ૩ કલાકે શ્રી અચલગચ્છની અધિષ્ટાયિકા દેવી શ્રી મહાકાળી માતાની ભાવના માતુશ્રી દીવ્યાબેન દામજી કલ્યાણજી લોડાયા તથા માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા તરફથી તથા કુ. ધારિણી પ્રતાપ મોતાના કોકીલ કંઠે ભણાવવામાં આવી હતી.
* શ્રાવણ વદ ૦)) ના શ્રી કલ્પસૂત્ર (પોથી) પધરાવવાનો લાભ : માતુશ્રી લીલબાઈ શીવજી લોડાયા તથા માતુશ્રી રતનબાઈ નારાણજી લોડાયા ૧,૦૦૧ મણ
* ભાદરવા સૂદ એકમના પ્રભુજીને ખોળામાં લઈ રથમાં બેસવાનો લાભ : માતુશ્રી દીવ્યાબેન દામજી કલ્યાણજી લોડાયા તથા માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા ૩,૦૦૧ મણ
* પ્રભુજીના રથના સારથી બનવાનો લાભ : માતુશ્રી હિરબાઈ ત્રીકમજી મૈશેરી ૨,૧૦૦ મણ.
* પ્રભુજીના રથના આગળ પવિત્ર જલધારાવળી કરવાનો લાભ : માતુશ્રી પ્રેમીલાબેન કુંવરજી મૈશેરી ૭૦૧ મણ
* પ્રભુજીને પોખવાનો લાભ : માતુશ્રી દીવ્યાબેન દામજી કલ્યાણજી લોડાયા તથા માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા ૫,૦૦૧ મણ
* ભાદરવા સૂદ બીજના મોક્ષની બારી ખોલવાનો લાભ : માતુશ્રી દીવ્યાબેન દામજી કલ્યાણજી લોડાયા તથા માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા ૨,૫૨૫ મણ
* બધાજ સ્વપ્નાને હેમની માળા પહેરવાનો લાભ : માતુશ્રી દીવ્યાબેન દામજી કલ્યાણજી લોડાયા તથા માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા ૭,૦૦૧ મણ
* ચોથું સ્વપ્ન મહાલક્ષ્મીજીને ઝુલાવવાનો લાભ : માતુશ્રી દીવ્યાબેન દામજી કલ્યાણજી લોડાયા તથા માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા ૧૪,૦૧૪ મણ અને પધરાવવાનો લાભ : અ. સૌ. કાંતાબેન હંસકુમાર લોડાયા ૨૧,૦૦૧ મણ
* અગિયારમું સ્વપ્નુ વહાણ ઝુલાવવાનો લાભ : અ. સૌ. કાંતાબેન હંસકુમાર લોડાયા ૭,૭૭૭ મણ અને પધરાવવાનો લાભ : માતુશ્રી દીવ્યાબેન દામજી કલ્યાણજી લોડાયા તથા માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા ૧૦,૦૦૧ મણ
* શાલીભદ્ર શેઠનો ભંડારાનો લાભ : માતુશ્રી દીવ્યાબેન દામજી કલ્યાણજી લોડાયા તથા માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા રૂા. ૪૦,૦૦૦.૦૦
* ભાદરવા સૂદ પાંચમના કુમારપાળ રાજાની ૧૦૮ દીવાની આરતી તથા મંગળ દીવાનો લાભ : માતુશ્રી દીવ્યાબેન દામજી કલ્યાણજી લોડાયા તથા માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા ૨,૨૨૨ મણ
* પ્રભુજીનું પારણુ પધરાવવાનો લાભ : કુ. સરોજબેન લાલજી મુનવર તથા શ્રી રમેશ ટોકરશી લાલકા ૨,૬૨૬ મણ
રોજ સવારે ૪.૩૦ કલાકે રાઈ પ્રતિક્રમણ, રોજ સવારે ૯.૦૦ કલાકે ભક્તામર સ્રોત વાંચન, વ્યાખ્યાન
ભક્તામર લક્કી ડ્રો, પ્રભાવના, સાંજના પ્રતિક્રમણ તથા પ્રભાવના, રાતના પ્રભુજીની ભાવના તથા ગેમ, અંતાક્ષરી રમાડવામાં આવેલ. છટ્ઠના સવારના ૬.૦૦ કલાકે પ્રભુજીના દેરાસરના દ્વાર ઉદ્ઘાટન. તપસ્વીઓના પારણા, ૧૦.૦૦ કલાકે સમુહ ક્ષમાપના, દાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવેલ.

**પર્યુષણ મહાપર્વના સંપૂર્ણ નવ દિવસની સાર્ધમિક ભક્તિના લાભાર્થી પરિવાર :**

* માતુશ્રી રતનબેન પદમશી દેવશી લોડાયા પરિવાર હઃ શ્રી પ્રદીપ પદમશી લોડાયા (નાસિક)
* માતુશ્રી કસ્તુરીબાઈ કરમશી હિરજી વિકમશી પરિવાર
* માતુશ્રી વાલબાઈ જેઠાભાઈ નરશી લોડાયા પરિવાર હઃ શ્રીમતી કાશ્મીરાબેન દીનેશ લોડાયા (પૂના)
* માતુશ્રી અરૂણાબેન લક્ષ્મીચંદ ભવાનજી મોમાયા પરિવાર હઃ દીપેશ લક્ષ્મીચંદ મોમાયા

॥ શ્રી તિર્થાધિપતિ મહાવીર સ્વામીને નમઃ ॥

# શ્રી જખૌ રત્નટૂંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ

* માતુશ્રી મલ્યાબાઈ આણંદજી નથુભાઈ ખોના પરિવાર હઃ RAK Commodities
* માતુશ્રી મણીબાઈ ચીમનલાલ વર્ધમાન મોતા પરિવાર હઃ શ્રી હિરાચંદ આણંદજી વર્ધમાન મોતા
* માતુશ્રી દીવ્યાબેન દામજી કલ્યાણજી લોડાયા તથા માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા પરિવાર હઃ સંજય, ચેતન, ભરત
* માતુશ્રી પુષ્પાબેન ધનરાજ ત્રીકમજી મુનવર, માતુશ્રી સોનબાઈ વિશનજી ખીમજી મૈશેરી (સવાણી), માતુશ્રી જયાબાઈ ગોવિંદજી પત્રામલ મૈશેરી (સવાણી)
* ભાદરવા સૂદ છઠ્ઠના કાયમી ફંડમાંથી તપસ્વીઓના પારણા : માતુશ્રી લીલબાઈ મુલજી શિયાલ હઃ માતુશ્રી નિર્મલાબેન શાંતિલાલ શિયાલ
* નવકારશી : શ્રી લક્ષ્મીચંદ રતનશી શિયાડ
* કાયમી ફંડમાંથી સાધર્મિક ભક્તિ : શ્રીમાન મુલજી દેવજી શિયાલ હઃ શ્રી વિજય શાંતિલાલ શિયાલ
* બપોરની ચા : શ્રી લક્ષ્મીચંદ શામજી મૈશેરી (સવાણી)
* સાંજના ચોવિહાર : માતુશ્રી ઈન્દીરાબેન જયંતિલાલ ધારશી વિકમશી પરિવાર હઃ અ.સૌ. જીનાલી નયન વિકમશી

**ભાદરવા સુદ ૭ સંવત ૨૦૭૨ થી શ્રાવણ વદ ૧૨ સંવત ૨૦૭૩ સુધી અષ્ટપ્રકારી પૂજાના લાભાર્થી પરિવાર**

**મોરપીંછ પૂજા** : શ્રી જયંતિલાલ દેવશી ડુંગરશી મૈશેરી

**વાસક્ષેપ પૂજા** : શ્રીમતી દેવકાબેન શામજી ખીમજી મૈશેરી (સવાણી) હઃ ગુલાબ શામજી મૈશેરી

**પક્ષાલ પૂજા** : કુ. ઉર્વષી નીતીન કાંતિલાલ નાગડા પ.પૂ. સાધ્વીશ્રીજી વંદનગુણા મ.સા.ની પ્રેરણાથી

**અંગલૂછના** : શ્રી પ્રદીપ કેશવજી નેણશી શિયાલ હઃ પ્રદીપ કેશવજી શિયાલ (જાલના)

**કેશર ચંદન પૂજા** : શ્રી નરેન્દ્ર હંસરાજ મોમાયા (જલગામ)

**ફૂલ પૂજા** : શ્રીમતિ ઉષાબેન હરીશ મુનવર હઃ હરિશ શીવલાલ મુનવર (ગદગ)

**ધૂપ પૂજા** : માતુશ્રી ગંગાબાઈ લીલાધર નરશી મોમાયા (માટુંગા)

**અખંડ દીપક પૂજા** : માતુશ્રી દમયંતીબેન દામજી ચાંપશી ધરમશી હઃ અ.સૌ. મીરાબેન ભદ્રેશ નાગડા

**ચાતુર્માસ ફંડ**

| | |
|---|---|
| શ્રીમાન શેઠ શાંતિલાલ મુલજી શિયાલ | ૧૧,૧૧૧.૦૦ |
| શ્રી પુનશી દેવશી લોડાયા | ૧૧,૦૦૦.૦૦ |
| શ્રીમાન નેણશી લધાભાઈ મૈશેરી | ૧૦,૦૦૦.૦૦ |
| શ્રીમાન હિરેન વિશનજી નાગડા (ચાચા) | ૫,૦૦૦.૦૦ |
| શ્રી ગોવિંદજી નેણશી કાયાણી | ૫,૦૦૦.૦૦ |
| માતુશ્રી મણીબેન લક્ષ્મીચંદ ધરમશી | ૨,૫૦૦.૦૦ |
| શ્રી ખેતશી હરપાર મૈશેરી હઃ રાજેશભાઈ | ૨,૫૦૦.૦૦ |
| શ્રી હિરાચંદ માણેકજી નાગડા | ૨,૧૦૦.૦૦ |
| શ્રી લક્ષ્મીચંદ ઉમરશી મૈશેરી | ૧,૦૦૦.૦૦ |

**ભોજનશાળા નિભાવ ફંડ ફોટો યોજના**

માતુશ્રી મણીબાઈ લક્ષ્મીચંદ ધરમશી

શ્રી નરશી દેવજી શિયાડ

શ્રી નેણબાઈ નરશી શિયાડ

માતુશ્રી ગંગાબાઈ લીલાધર નરશી મોમાયા

**આ પર્યુષણ પર્વમાં જખૌ ટ્રસ્ટબોર્ડને : માતુશ્રી દમયંતીબેન લાલજી મુનવર** હઃ કુ. સરોજ મુનવર તરફથી ત્રણ પાટ, ગહુલીનો પાટલો તથા એક રૂમાલની ભેટ આપવામાં આવી હતી.

**રત્નટૂંક મહિલા મંચ** હઃ પ્રમુખ શ્રીમતિ મધુરીબેન કિશોર વિકમશી તથા ઉપપ્રમુખ શ્રીમતિ તરલાબેન મણિકાંત ધુલ્લા તરફથી ગ્રાઈન્ડર મિક્સર, ૨૦૦ જમણવાર ડીશના સેટ, ઈડલી ઢોકળા બનાવવાનો કૂકર ભેટ આપવામાં આવેલ.

કુ. સરોજબેન તથા શ્રીમતી મધુરીબેન, તરલાબેનનો તેમજ સાર્ધમિક ભક્તિ, અષ્ટપ્રકારી પૂજા, ભોજનશાળા નિભાવ ફંડ માટે ફોટો આપનાર, ચાતુર્માસ ફંડમાં લાભ આપનાર, પર્યુષણ પર્વ દરમ્યાન જે પણ નાના મોટા લાભ લેનાર સર્વે દાતા પરિવારની શ્રી જખૌ રત્નટૂંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીઓ, શ્રી જખૌ ટ્રસ્ટ બોર્ડ તેમની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

લી. **શ્રી જખૌ રત્નટૂંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટે**

| આજીવન ટ્રસ્ટી : | મેનેજીંગ ટ્રસ્ટી : | ચેરમેન : |
|---|---|---|
| **શ્રીમતિ કલ્પનાબેન રમણકાંત લોડાયા** | **શ્રી કુલીન લાલજી મહેશ્વરી** | **શ્રી રાજેશ કાંતિલાલ ખોના** |

ટ્રસ્ટી : **કુ. સરોજ લાલજી મુનવર, શ્રી ચેતન સોમચંદ મુનવર, શ્રી અશોક ગોવિંદજી મૈશેરી, શ્રી રમેશ ટોકરશી લાલકા**

**મિચ્છામી દુક્કડમ્**

# કચ્છ : ભુગોલ - ઈતિહાસ - સંસ્કૃતિ - ભાગ ૨ ઈતિહાસ

પુરાણોમાં 'કચ્છ' અને 'કચ્છ' નામનો ઉલ્લેખ મળે છે અને રણની સ્થિતિના કારણે આ પ્રદેશના લોકોના રહેવાસીઓ અસ્થાયી જીવન માટે પ્રખ્યાત છે. પ્રાગૈતિહાસિક સમયનો કચ્છનો ઈતિહાસ બહુ કાંઈ મળતો નથી. કહેવાય છે કે શ્રી કૃષ્ણના સમયમાં દ્વારકામાં યાદવોનું સામ્રાજ્ય હતું ત્યારે તેઓ કચ્છ પર આધિપત્ય ધરાવતા હતા. ઈ.સ. પૂર્વે સિંધુ ખીણની સંસ્કૃતિ ખીલેલી હતી ત્યારે તે સંસ્કૃતિને સૌરાષ્ટ્ર-ગુજરાતમાં જવાનો માર્ગ કચ્છ થઈને જતો હતો. આજથી અઢી હજાર વર્ષ પૂર્વે જે રાજ્ય સબળ હશે તેની આણ આ પ્રદેશ પર હશે તેવું માની શકાય.

સમાઓના વંશમાં જામફૂલ, જામ લાખો ફૂલાણી અને જામ પુંઅરો થયા. જામ પુંઆરાના પતન પછી અહિવનરાજ ચાવડાએ કચ્છ ઉપર ચાવડા સત્તા સ્થાપી. ચાવડાઓએ ઈ.સ. ૧૦૦૯ થી ૧૧૪૭ સુધી કચ્છ ઉપર રાજ્ય કર્યું. ફરી લાખા જાડેજાએ ચાવડાઓને હરાવીને કચ્છ કબજે કરી અને સમાવંશની શરૂઆત બીજીવાર કરી. આ સમાઓના વંશમાં પ્રથમ જાડેજા રાજવી લાખાએ કચ્છ ઉપર ૨૮ વર્ષ રાજ્ય કર્યું. (ઈ.સ. ૧૧૪૭ થી ૧૧૭૫) અને ત્યાંથી જાડેજા વંશનો ઈતિહાસ શરૂ થાય છે. આમ પ્રાચીન ઈતિહાસ આંટીઘૂંટી અને રાજરમતોવાળો રહ્યો છે. ક્યારે પણ સ્થિર શાસન પ્રજાને મળ્યું નથી.

**મધ્યકાળ :**

કચ્છના પ્રમાણિક ઈતિહાસની શરૂઆત જાડેજાવંશથી જ ગણી શકાય, આ સમયગાળામાં કુલ ૧૮ રાજવીઓએ કચ્છ પર શાસન કર્યું. લાખા જાડેજાએ કચ્છમાં (ઈ.સ. ૧૧૪૭-૧૧૭૫) આવીને લાખિયાર વીરડામાં ગાદી સ્થાપી. તેના મૃત્યુ બાદ તેના પુત્ર રાયધણે રાજ્યનો (ઈ.સ. ૧૧૭૫-૧૨૧૫) વિસ્તાર વધાર્યો હતો તેના ચાર પુત્રો ઓઠો, ગજણ, દેદો અને હોથી. આ ચારેય વચ્ચે ગરાસની તકરાર ન થાય તે માટે જામ રાયધણે મામૈયા માતંગ દ્વારા ગરાસની વહેંચણી કરાવી હતી. આ ચાર કુમારો પૈકી જામ ઓઠો અને ગજણનો વંશ આગળ ચાલ્યો જ્યારે દેદો અને હોથીનો વંશવેલો વિસ્તર્યો નહીં.

જામ ઓઠાની આઠમી પેઢીએ જામ હમીરજી થયા અને તેઓના સમયમાં આશાપુરાને કુળદેવીનું વિશિષ્ટ સ્થાન અપાયું. જામ હમીરજી બારા ગયા ત્યાં જામ રાવળે દગાથી તેમનું ખૂન કરાવ્યું. આ હમીરજીના ત્રણ કુંવરો ખેંગારજી, સાહેબજી અને રાયબજી સગીર હતા. જામ રાવળે તેઓનું કાસળ કાઢવાનું પણ વિચાર્યું. પરંતુ સ્વામી ભક્ત છછરબુટો અને કકલભિયાં નામના ચોકીદારો બે મોટા કુંવરોને બચાવીને ગુજરાત ભણી ભાગ્યા. જામ હમીરજીના અનૌરસ પુત્રી કમાંબાઈને અમદાવાદના સુલતાન સાથે પરણાવેલ હોઈ ત્યાં મદદ મળશે તે આશાએ છછરબુટો અમદાવાદ કુંવરોને લઈને પહોંચ્યો.

જ્યાં ખેંગારજી ગુપ્ત વેશે લશ્કરી તાલીમ લેવા માંડ્યા. યોગ્ય સમયે ખેંગારજીએ પોતાની ઓળખ આપી અને સુલતાને તેમને 'રાવ' કહીને સંબોધ્યા. સુલતાનના લશ્કરની મદદથી ખેંગારજીએ કચ્છનો કબજો પાછો મેળવ્યો. અને પહેલા 'રાવ' તરીકે ખેંગારજી કચ્છની ગાદીએ બેઠા. તેઓ ૯૦ વર્ષની ઉંમરે ઈ.સ. ૧૫૮૬માં મૃત્યુ પામ્યા. ભુજ શહેર તેઓએ વસાવ્યું હતું. મિરાતે અહમદીમાં એવી નોંધ મળે છે કે જાડેજા, ભુજના જમીનદાર ૧૪૦૯ ગામો ધરાવે છે અને ૫૦૦૦ ઘોડે સવારોની મદદ પહોંચાડે છે.

રાવ ખેંગારજી પછી રાવભારમલજી ગાદીએ આપ્યા અને તેઓએ ઈ.સ. ૧૬૧૭માં અમદાવાદ ખાતે બાદશાહ જહાંગીરની મુલાકાત થયેલી. ત્યારે કચ્છના રાવને પોતાનો સિક્કો પાડવાની બાદશાહે પરવાનગી આપેલ અને કોરીના ચલણની શરૂઆત થઈ.

તેઓના મૃત્યુ બાદ તેમના કુંવર ભોજરાજજીએ ઈ.સ. ૧૬૪૫ પર્યંત રાજ કર્યું. તેમના પછી તેમના ભત્રીજા ખેંગારજી બીજાએ ગાદી સંભાળી. ત્યાર બાદ રાવ તમાચીજી, પછી રાવ રાયધણજી પહેલા ગાદીએ આવ્યા.


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


**Seeking Alliance for**

Mumbai based boy 1988 born, 5'10", 60kg, BE (Computer Science) working as Sr. Software Engg, looking for preferably working girl.

Contact:

**Kantilal Dhulla - 9987188338**

Email: kantid22@gmail.com

ત્યારબાદ પ્રાગમલજી ગાદીએ બેઠા. તેઓ ખૂબ જ મહત્વાકાંક્ષી હોઈ હાલારમાં જામ તમાચીજીને ગાદી પાછી મેળવવામાં મદદ કરી અને 'મહારાવ'નું સંબોધન શરૂ થયું. કેમકે જાડેજા શાખા મોટી હતી.

મહારાવશ્રી પ્રાગમલજી પછી તેમના પુત્ર ગોડજી ગાદીએ આવ્યા. તેઓ અલ્પ આયુષી હતા. તેમના પુત્ર મહારાવથી દેસળજી તરીકે ઈ.સ. ૧૭૧૯માં ગાદી પર બેઠા. તેમના સમયમાં કચ્છની આબાદી સારી થઈ. સીમાઓ વધારી અને મજબૂત બનાવી. તેમની ન્યાયપ્રિયતા અને ભલાઈ વખણાય છે. તેમના સમયમાં દેવકરણ શેઠ ઈ.સ. ૧૭૩૦માં પહેલા દીવાન તરીકે નીમાયા. દેશળજીએ જ ભૂજિયા ડુંગર ઉપર કિલ્લો બંધાવ્યો.

દીવાન દેવકરણની વધતી જતી સત્તાના કારણો ઈ.સ. ૧૭૩૮માં દેવકરણ દીવાનનું ખૂન થયું અને ઈ.સ. ૧૭૪૧માં કુંવર લાખાજી સત્તા ઉપર આવ્યા અને મહારાવશ્રી લખપતજીનું નામ ધારણ કર્યું. તેઓ શોખીન રાજા હતા જેથી તેમના સમયમાં પ્રજામાં કળા, કૌશલ્ય અને હુન્નર ઉદ્યોગ વધ્યા. રાજ્યમાં પહેલવહેલી કાયદેસરની અદાલત સ્થાપી. દિલ્હીના મોગલ બાદશાહ પાસેથી મિરઝાં મહારાવનો ખિતાબ મેળવ્યો રામસિંહ માલમ જેવા હુન્નરકારને પ્રોત્સાહન આપી કચ્છમાં હુન્નર ઉદ્યોગ વધારવા માટે લક્ષ્ય આપ્યું. તેમનું ઈ.સ. ૧૭૬૧માં અવસાન થયું.

મહારાવશ્રી લખપતજીનું અવસાન થતા યુવરાજશ્રી ગોડજી ગાદી પર આવ્યા. તે સમયે સિંધના અમીરો કચ્છ ઉપર અવારનવાર હુમલા કર્યા કરતા તે પૈકી અમીર ગુલામશાહ કલોરાએ કચ્છ પર ચડાઈ કરી અને કચ્છનું ઐતિહાસિક ઝારાનું યુધ્ધ ઈ.સ. ૧૭૬૨માં થયું. ગુલામશાહ કલોરા ફરીથી બીજીવાર કચ્છ ઉપર ચડી આવ્યો અને સમાધાન કરી પરત ગયો. પરંતુ તેણે સિંધુ નદીના કચ્છ તરફના પ્રવાહ આડે બંધ બંધાવી અપમાનનો બદલો લેવા કચ્છની ફળદ્રુપ જમીનને રણમાં પલટાવી દીધી.

મહારાવશ્રી ગોડજીનું અવસાન થતા તેમના પુત્ર મહારાવશ્રી રાયધણજી બીજા ઈ.સ. ૧૭૭૯માં ગાદીએ બેઠા. તેઓ સૈયદ મહમદ પનાહની અસર નીચે આવી મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો અને પ્રજાને પરાણે ધર્માંતર કરાવવા માટે સીદીઓને છુટ્ટો દોર આપ્યો. રાજા જાતે જ ધર્માંતર માટે અત્યાચાર કરતા, જેથી પ્રજા આવી ક્રૂરતા અને ધર્માંધતાથી ત્રાસી ગઈ. અવિચારી રાજાએ કચ્છને છિન્નભિન્ન કરી નાખ્યું હતું. કોઈની સલામતી રહી ન હતી. જેથી મેઘજી શેઠ અંજારથી આવી અને રાજવીને સામા થયા. કચ્છની પ્રજા અને તેના રાજાની આ ખુલ્લી લડાઈ હતી. જેમાં રાજા બંદીવાન બન્યા અને પ્રજાએ નિર્ણય કર્યો કે મહારાવશ્રી આજીવન ભુજિયાના


## શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ

શ્રી સંઘ આયોજીત ગણિવર્ય ભગવંત પ.પૂ. શ્રી કવિન્દ્રસાગરજી મ.સા.ની શુભ નિશ્રામાં ૧૦ વર્ષથી ૨૫ વર્ષની ઉમરના બાળકોની દિવાળી વેકેશન જ્ઞાન વર્ધક શિબિરનું આયોજન તા. ૩૧-૧૦-૨૦૧૬ થી ૬-૧૧-૨૦૧૬ સુધી કરવામાં આવ્યું છે.

આપણી ભાવિ પેઢીને સંસ્કારમય અને ધર્મમય માર્ગે મજબૂત કરવા આપના બાળકોને શિબિરમાં જરૂરથી મોકલાવો.

સંપર્ક :

**અશોક સોમચંદ ઝવેરી**

**098211 44324 / 077180 54770**

**સુશીલાબેન ચંદુલાલ ધરમશી**

**097691 11034**

**શિબિર માટે જ્ઞાનદાન આવકાર્ય**

**નકરો રૂ. ૧૦,૦૦૦/-**



**આપનું બજેટ મોટું હોય કે નાનું,**
**અમારી આત્મીયતા ભરી સેવાથી પ્રસંગ શોભશે મજાનું !**

**આયરીસ બેંક્વેટ એ.સી. હૉલ**

**Iris Banquette**

Ideal For :
- ENGAGEMENT
- WEDDING
- BABY SHOWER
- CONFERENCE
- GET TOGETHER
- MEETING - SEMINAR &
- ALL JOYOUS OCCASION

- સગપણ વિધિ
- લગ્નોત્સવ
- શ્રીમંત પ્રસંગ
- કોન્ફરન્સ
- ગેટટુગેધર
- મિટીંગ - સેમિનાર

**બધા શુભપ્રસંગો માટે આદર્શ**

સંપર્ક : અરવિંદ દંડ (બાયઠ) - 9892036390
જયેશ ડાઘા (વરાડીયા) - 9702144031 / 25905257 / 67988758
સરનામું : પુરૂષોત્તમ ખેરાજ ઈસ્ટેટ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાન સરીતા સ્કૂલ પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

**મર્યાદિત બજેટવાળા સંકોચ રાખશો નહીં**

કિલ્લામાં બંદીવાન બની જીવે. હવે કચ્છનું રાજતંત્ર પ્રજાના હાથમાં આવ્યું. રાયધણ યુગમાં કચ્છીઓ માટે કચ્છથી મુંબઈ સુધીની દરિયાઈ મુસાફરી મફત હોઈ ઘણા કચ્છીઓ મુંબઈ વસ્યા.

કચ્છનું રાજતંત્ર પ્રજાના આગેવાનોના હાથમાં હતું અને ગાદી પર રાયધણજીના નાનાભાઈ પૃથ્વીરાજ ઉર્ફે ભાઈજીબાવાને પ્રજાએ ગાદી બેસાડ્યા. તેમની ઉંમર નાની હોવાથી એક વાલી સમિતિ નીમવામાં આવી. જેમાં મેઘજી શેઠ અને ડોસલ વેણ મુખ્ય હતા. આની રચના ઈ.સ. ૧૭૮૮માં થઈ. આ વાલી સમિતિ બારભાયા અથવા બારભાઈના નામથી રાજવહીવટ કરતી.

આ બારભાયા મંડળમાં મતભેદો ઊભા થતા રાયધણજી કેદમાંથી મુક્ત થયા. ફાટફુટના કારણે સભ્યો કચ્છભરમાં વિખરાઈ ગયા. તે સભ્યો પૈકી ફતેહમહમદ નોતિયાર ભુજમાં જ રહ્યા અને કચ્છ બારભાયાના રાજ્યથી મુક્ત થયું. જમાદાર ફતેહમહમદને લોકજીભે કચ્છનો ક્રોમવેલ કહ્યા છે. કેમકે તેણે પોતે ધાર્યું હોત તો રાજસત્તા હાથ કરી શકત પણ તેમ કરવાને બદલે કચ્છને અને મહારાવને આગળ રાખ્યા. કચ્છમાં સલામતી અને આબાદી વધારવા પગલાં લીધા અને ભુજને સર્વોપરી સત્તા બનાવી. લખપત અને ફતેહગઢના બે કિલ્લાઓ બંધાવ્યા. માંડવી, તુણા અને લખપતના બંદરો વિકસાવ્યા. કર્નલ વોકરે તેની પ્રશંસા કરેલ છે. તો ટીપુ સુલતાન સાથે પણ તેણે દોસ્તી રાખી હતી. અંગ્રેજ સત્તાના વધતા દબાણના કારણે ફતેહમહમદે ઈ.સ. ૧૮૦૯ના ૨૬મી ઓક્ટોબરના રોજ કોલકરાર કરવા પડ્યા હતા. ભાઈજી બાવાના નામે બારભાયાએ અને ફતેહમહમદે કચ્છનું રાજ્ય ચલાવ્યું. પણ ભાઈજીબાપા ખરેખર કચ્છની ગાદી પર બેઠા ન હતા. મહારાવશ્રી રાયધણજી હયાત હતા અને પદભ્રષ્ટ થયા ન હતા. જેથી ખરેખરી સત્તા ભાઈજીબાવાને મળી ન હતી.

મહારાવશ્રી રાયધણજી ગુજરી ગયા ત્યારબાદ તેઓના અનૌરસપુત્ર માનસિંહ હક્ક બતાવી મહારાવશ્રી ભારમલજી નામ ધારણ કરીને તા. ૧૩.૧.૧૮૧૪ના કચ્છની ગાદી ઉપર બેઠા. પરંતુ તેઓનો વહીવટ અસ્થિર અને અંધાધૂંધી ભરેલો હતો. જેથી અંગ્રેજોનો કચ્છમાં પગપેસારો તેમના સમય દરમ્યાન થયો હતો. ઈ.સ. ૧૮૦૯માં કર્નલ વોકરે જમાદાર ફતેહમહમદ સાથે જે કરાર કર્યા હતા. તેનો કચ્છમાં અમલ બરાબર થતો નથી તેમ કહીને અંગ્રેજ સેનાપતિ કર્નલ ઈસ્ટે અંજાર પરગણું ખાલસા કર્યું. ત્યારબાદ અંગ્રેજોની નાણાભીડ સંતોષીને મહારાશ્રી ભારમલજી અને કંપની સરકાર વચ્ચે ઈ.સ. ૧૮૧૬માં નવેસરથી કોલકરાર થયા. એક કોલમ મુજબ કંપની સરકાર રાજના અંગત જાડેજા સરદારોના આંતરિક વહીવટમાં કાંઈ પણ સત્તા ન વાપરવા બંધાય છે. રાવ અને તેના વંશવારસો


શ્રી ગણેશાય નમઃ   શ્રી સચ્ચાઈ માતાય નમઃ   શ્રી ભલારાદાદા નમઃ   શ્રી સુરાપુડા દાદા નમઃ   શ્રી ક્ષેત્રપાલદાદા નમઃ

## ''શ્રી સુસભ લોડાયા પરિવારના દેવસ્થાન''

મોટી ખાવડી, જી. જામનગર - ૩૬૧ ૧૪૦.

**મોટી ખાવડી મુકામે બિરાજમાન શ્રી લોડાયા પરિવારના દેવસ્થાન ''શ્રી સચ્ચાઈ માં'', ''શ્રી ભલારા દાદા'', ''શ્રી સુરાપુરા દાદા'' ને નમતા ભાવિકોને જય જિનેન્દ્ર, જય માતાજી.**

સમસ્ત લોડાયા પરિવારોનો સૂર્ય સોળે કળાએ દેદિપ્યમાન હોજો. સમસ્ત લોડાયા પરિવારોનો ઈશ્વર ક્ષેમકુશળ રાખે. સહુ ને ત્યાં સદૈવ આનંદ મંગલ હોજો.

આથી નમ્ર નિવેદન કરવાનું કે મોટી ખાવડી મુકામે બિરાજમાન શ્રી લોડાયા પરિવારના દેવસ્થાના ''શ્રી સચ્ચાઈ માં'', ''શ્રી ભલારા દાદા'', ''શ્રી સુરાપુરા દાદા'' ની દશમી ધ્વજા રોહણ શુભ અવસરની તા. ૦૯-૦૪-૨૦૧૭ રવિવારના ભવ્ય ઉજવણી કરવા બાબતે ચર્ચા-વિચારણા કરવા માટે મુંબઈ મુકામે સભાનું આયોજન તા. ૨૭-૧૧-૨૦૧૬ ને રવિવારના રોજ કરેલ છે.

**તો સર્વે ભાવિકોને આ સભામાં ઉપસ્થિત રહેવા નમ્ર વિનંતી સાથે સમયસર પધારવા અનુરોધ છે.**

**(ઉજવણી નિમિત્તે આપશ્રીના સલાહ-સૂચન આવકાર્ય છે.)**

**તા. ૨૭-૧૧-૨૦૧૬ને રવિવાર**ના રોજ વીરજી જીવરાજ મેપાણી હોલ (દેવકુંજ), વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુકામે મીટીંગ સમય બપોરના ૨.૩૦ થી ૫.૦૦ રાખેલ છે.

**સંપર્ક :** **શ્રી સુસભ લોડાયા પરિવારના જય જિનેન્દ્ર, જય માતાજી**



| | | | |
|---|---|---|---|
| ભરત પાસુભાઈ લોડાયા | - 098337 27735 | જગદીશ લધુભાઈ લોડાયા | - 099747 05957 |
| કીરીટ કાંતીલાલ લોડાયા | - 099204 72971 | દેવેન્દ્ર ચંદુલાલ લોડાયા | - 099986 72190 |
| હીરેન કાંતીલાલ લોડાયા | - 098202 54501 | વિમલ ચંદુલાલ લોડાયા | - 097125 00765 |

પંકજ હીરાલાલ લોડાયા - 098982 14141

પોતાના રાજ્યમાં સર્વોપરી સત્તા ભોગવશે તેમજ ત્યાં બ્રિટીશ સરકારની દીવાની તેમજ ફોજદારી હકૂમત ચાલશે નહીં.

મહારાવશ્રી ભારમલજીની ભૂલોના કારણે કેપ્ટને સરકાર પાસેથી મેળવી અને મહારાવને પદભ્રષ્ટ કર્યા. વિચક્ષણ અંગ્રેજોએ પદભ્રષ્ટ રાજાના વારસદારની પસંદગી કરવાનું કાર્ય ભાયાતો પર છોડ્યું. સમસ્ત ભાયાત વર્ગે ભારમલજીના કુંવર દેશળજીની પસંદગી કરી. સગીર કુંવર વતી વહીવટ ચલાવવા અંગ્રેજોએ રીજન્સી કાઉન્સિલની નિમણૂંક કરી. ઈ.સ. ૧૮૧૯ની સાલમાં અંગ્રેજોની સર્વોપરીત સ્વીકારવામાં આવી.

**બ્રિટીશ સંપર્ક પછીનો ઈતિહાસ :**

ઈ.સ. ૧૮૩૪માં મહારાવશ્રી દેશળજી સગીર મટી ઉંમરલાયક થયા. જેથી રાજ્યસત્તા તેઓને સુપ્રત કરવામાં આવી. તેમના અમલ દરમ્યાન એકંદરે શાંતિ રહી હતી. ઈ.સ.૧૮૧૯નો મોટો ધરતીકંપ અને ઈ.સ. ૧૮૫૭નો કપરો દુષ્કાળ મુખ્ય બનાવ ગણાવી શકાય. સતી થવાનો રિવાજ, દીકરીને દૂધપીતી કરવાનો રિવાજ અને ગુલામી પ્રથા તેમના સમય દરમ્યાન બંધ થયા હતા. પ્રજા એકંદરે આબાદ હતી. કચ્છના ઈતિહાસ ક્ષેત્રે કેપ્ટન મેકમર્ડોએ ઘણો ભાગ ભજવ્યો છે. તે કચ્છના પ્રથમ બ્રિટીશ પોલીટીકલ રેસીડેન્ટ હતા એ અંજારમાં રહેતા હતા. ખૂબ જ લોકપ્રિયતા હાંસલ કરી ભરયુવાનવયે કોલેરામાં મૃત્યુ પામ્યા.

મહારાવશ્રી દેશળજીએ દૂરંદશી વાપરી ઈ.સ. ૧૮૬૦માં યુવરાજ પ્રાગમલજીને રાજ્યનો વહીવટ સોંપ્યો. તેઓ પ્રાગમલજી બીજા તરીકે ઓળખાય છે. તેમણે શિક્ષણક્ષેત્રે સુધારા હાથ ધર્યા. ભુજમાં ઓલ્ફ્રેડ હાઈસ્કુલ, પ્રાગસર તળાવ, ઈટાલિયન બાંધણીનો પ્રાગમહેલ વગેરે બંધાવ્યો તેમજ માંડવી બંદરનો વિકાસ કર્યો. તેઓ ૩૭ વર્ષની વયે સ્વર્ગવાસી થયા. તેમના પટવીકુંવર ત્યારે ૧૦ વર્ષના હતા અને તેઓને મહારાવશ્રી ખેંગારજી ત્રીજા તરીકે ગાદી મળી અને કચ્છના ઈતિહાસનો અર્વાચીન યુગ શરૂ થયો.

**અર્વાચીન કાળ : (અ) સ્વાતંત્ર્ય પૂર્વે :**

મહારાવશ્રી ખેંગારજી ત્રીજાએ ૬૬ વર્ષ લાંબું રાજ્ય સંભાળ્યું અને કચ્છના આ રાજવીએ કચ્છની આબાદી, પ્રગતિ અને પ્રતિષ્ઠા માટે પગલા લીધા છે. સંસ્કૃતિ, ઉદ્યોગો અને ખેતીક્ષેત્રે પણ પ્રગતિ થઈ. કચ્છી પ્રજા રાજભક્તિ માટે પંકાય છે. કચ્છી પ્રજાધર્મની બાબતમાં સ્થિતિસ્થાપક છે અને રાજવીઓ કચ્છની બંને ધર્મ પ્રત્યે સમાન આદર ધરાવતા હતા. ધાર્મિક સહિષ્ણુતા હોવાથી ખેંગારજી ત્રીજાએ ખૂબ જ સુદઢ વહીવટ પૂરો પાડ્યો. પ્રજા રાજભક્તિનું માનસ ધરાવતી હોઈ પ્રજા જાગૃતિનો પવન મોડો ફૂંકાયો. સુધારાવાદીઓએ કચ્છાધિપતિ પ્રત્યે વિજ્ઞપ્તિ નામનું પુસ્તક લેખક શ્રી ખીમજી કારાણી દ્વારા આરોપનામા રૂપે રજુ કર્યું હતું. પૂ. ગાંધીજી,


॥ જય જય શ્રી ચિંતામણી પાર્શ્વનાથાજી ॥

**''શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ**

**તથા**

**''શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, વરાડીયા**

**વરાડીયા - મુંબઈ**

**શ્રી ઘૃતકલ્લોલ પારસનાથ જૈન દેરાસર અને સાધારણ ફંડ ટ્રસ્ટ તથા શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, સુથરીની ભૂરી ભૂરી અનુમોદના...**

સુથરી મહાતીર્થ મધ્યે શ્રી ઘૃતકલ્લોલ પારસનાથજી જિનાલયની ૧૭૫મી સહરિક શતાબ્દિ મહોત્સવની ભવ્ય ઉજવણી નિમિત્તે તોજતરમાં અમારા વરાડીયાના જિનાલયના જિણોધ્ધાર માટે રૂા. ૧,૭૫,૦૦૦/- (રૂા. એક લાખ પંચોત્તર હજાર પુરા)નું અનુદાન ફાળવી દાનની ગંગા વહાવેલ છે તે માટે શ્રી ઘૃતકલ્લોલ જૈન દેરાસર અને સાધારણ ફંડ ટ્રસ્ટની તથા ક.દ.ઓ. જૈન મહાજન, સુથરી ની ભૂરી ભૂરી અનુમોદના સહ આભાર.

આ સંસ્થાને સહિરક શતાબ્દિ મહોત્સવ મળેલ દાન ફક્ત સુથરી પરતું સિમિત ન રાખી સમસ્ત દશાઈના દેરાસરો માટે ફાળવી તેમને મદદરૂપ થવાનું આ પગલું ખરેખર અનુમોદનીય અને અનુકરણીય છે.

સુથરી જિનાલયના સર્વે ટ્રસ્ટીઓ તથા સુથરી મહાજનના પદાધિકારીઓને આવા ઉત્તમ વિચારને નક્કર સ્વરૂપ બદલ આપવા અમારા ધન્યવાદ !

**લી. શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ વતી**

**ટ્રસ્ટીગણ**

સરદાર પટેલ અને મહાદેવભાઈ દેસાઈએ તા. ૧૨.૧૦.૧૯૨૫ ના રોજ કચ્છમાં પ્રવેશ કર્યો. પરિણામે ઈ.સ. ૧૯૨૬માં શ્રી કચ્છી પ્રજાકીય પરિષદ સ્થપાઈ અને પ્રજાએ લોકમાંગણી બુલંદ બનાવી અને પ્રજાએ સ્વતંત્રતાની પ્રતિજ્ઞા લીધી. ગાંધીયુગની શરૂઆત પહેલા જ અંગ્રેજોના બહિષ્કારનો કાર્યક્રમ પ્રજાને આપનાર શ્રી શ્યામજી કૃષ્ણવર્મા હતા. શ્રી શ્યામજી કૃષ્ણવર્માના ક્રાંતિકારી જીવનની ચિનગારીઓ પામીને કંઈક કચ્છી નવયુવાનો આઝાદીની લડતમાં જોડાયા હતા.

ત્યારે કચ્છમાં મહારાવશ્રી ખેંગારજી ત્રીજાનું શાસન હતું. કચ્છની પ્રજાની જાગૃતિની પધ્ધતિસર કાર્યવાહી વીસમી સદીની શરૂઆતમાં થઈ અને તેની શરૂઆત મુંબઈવાસી કચ્છીઓએ કરી જે સતત આઝાદી મળી ત્યાં સુધી ચાલુ રહી. શ્રી કચ્છી પ્રજાકીય પરિષદના કાર્યક્રમને રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખશ્રી સુભાષચંદ્ર બોઝ દ્વારા પણ પ્રોત્સાહન મળ્યું હતું.

ત્યારપછી દેશમાં ઝડપી રાજકીય ગતિવિધિઓ થતી ગઈ. બીજી તરફ મહારાવશ્રી ખેંગારજી પછી મહારાવશ્રી વિજયરાજજી ગાદી પર આવ્યા. ભારત આઝાદ થયું. સમય પારખીને મહારાવશ્રીએ ભારતસંઘમાં ભળી જવાનો ડહાપણ ભર્યો નિર્ણય જાહેર કર્યો અને ૧૫મી ઑગષ્ટ, ૧૯૪૭ના દિવસે રાજ્યનો ભગવો ઝંડો અને ત્રિરંગો સાથે લહેરાયા અને મહારાવશ્રીનું અવસાન થયું. કચ્છના અંતિમ રાજવી તરીકે મહારાવશ્રી મદનસિંહજી તા. ૪.૩.૧૯૪૮ના સિંહાસને આવ્યા. તેઓએ સત્તા છોડી કચ્છનું ભારત સાથે વિલીનીકરણ કરવાનું નક્કી કર્યું અને કચ્છની આગવી રાજાશાહીનો અંત થયો. મહારાવશ્રીએ કચ્છની ભાવિ ઉન્નતિ માટે કચ્છને ચીફ કમિશ્નરનો પ્રાંત બનાવી દિલ્હી સાથે સાંકળેલો રાખેલ જેથી ૧લી જુન ૧૯૪૮ના ભારત સરકારના ચીફ કમિશ્નરને સત્તા સુપ્રત કરવામાં આવી. કચ્છ 'સી' વર્ગનું સ્ટેટ બન્યું.

**(અ) સ્વાતંત્ર્યોત્તર :**

આઝાદીબાદ ભારત સરકારના પ્રતિનિધિ ચીફ કમિશ્નરશ્રીએ કચ્છની સત્તાના સૂત્રો ૧-૬-૧૯૪૮થી સંભાળ્યા બાદ ૧૯૫૬ સુધી કચ્છ 'સી' વર્ગના સ્ટેટ તરીકે દિલ્હીથી જોડાયેલું રહ્યું અને ત્યાર પછી મુંબઈ દ્વિભાષી રાજ્ય બનતા તેમાં જોડાયેલ. જ્યારે ૧લી મે ૧૯૬૦ના અલગ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારે કચ્છ અલગ જિલ્લા તરીકે ગુજરાત રાજ્યનું એક અંગ બન્યું. વર્તમાન ૬ વિધાનસભા ને ૧ લોકસભાની સીટ ધરાવતું પ્રજાસત્તાક ભારતના સાર્વભોમ હેઠળ છે.

**(આવતા અંકે કચ્છની સંસ્કૃતિ વિશે)**

કચ્છ રચનાના દીપોત્સવી અંક ૨૦૧૬માંની
માહિતીનું સંકલન


**શ્રી કચ્છી દશા ઓશવાલ સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ**
**તેમજ માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરીવાર તરફથી**

**૧૨ મી વર્ષગાંઠના શુભ પ્રસંગે આગોતરૂ આમંત્રણ**

સંઘના સર્વે ભાઇઓ - બહેનો તથા સર્વે જ્ઞાતિજનોને જય જીનેન્દ્ર,

સહર્ષ જણાવવાનું કે શ્રી આદિનાથદાદાની અસીમ કૃપા તેમજ પુજ્ય ગુરૂભગવંતો અને પૂજનીય વડિલોના શુભાશિષથી આપણા ગામના જિનાલયની ૧૨ મી વર્ષગાંઠ ધ્વજારોહણ મહોત્સવ સંવત ૨૦૭૩ ના મહા વદ ૧૪ શુક્રવાર તા. ૨૪/૨/૨૦૧૭ ના શુભ દિને નિર્ધારિત થયેલ છે.

આ ધ્વજા મહોત્સવનો ૨ દિવસીય કાર્યક્રમ નીચે મુજબ રહેશે.

તા. ૨૩/૨/૨૦૧૭ ગુરૂવાર : ભરૂડીયા મુકામે આગમન, જાહેરપીરદાદાની ધ્વજા ત્થા રાત્રી દાંડિયા રાસ

તા. ૨૪/૨/૨૦૧૭ શુક્રવાર : સવારના ૭.૦૦ કલાકે અઠાર અભિષેક તથા સતરભેદી પૂજન અને ત્યારબાદ ધ્વજા આરોહણ વિધી ત્થા સાધર્મિક ભક્તિ.

ગત વર્ષ ૧૧મી ધ્વજા વખતે માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર દ્વારા જાહેર કર્યા મુજબ આ વર્ષે ધ્વજારોહણ **ચિ. અકીરા ચિરાગ વનરાજ ધુલ્લા** દ્વારા કરવામાં આવશે.

✲ તા. ૨૩/૦૨/૨૦૧૭ ના રોજ સાંજે ચોવિહાર ✲ તા. ૨૪/૨/૨૦૧૭ ના રોજ સવારે નવકારશી તેમજ બપોરના સાધર્મિક ભક્તિ ની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. તો આ પ્રસંગે સર્વે ગામ વાસીઓ, બહેનો-દીકરીઓ તેમજ જ્ઞાતીજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**લી. શ્રી ક. દ. ઓ. સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ વતી**
**માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર**
✲ હસ્તે હેમલતા - મહેન્દ્ર, ઉર્મિલા - અશોક ત્થા સંગીતા - રાજેશ ના જય જીનેન્દ્ર ✲

# શ્રી કચ્છ નલીયા નગરે સહિરક શતાબ્દી પંચાહ્નિકા મહોત્સવ

**શ્રી કચ્છ નલીયા નગરે શ્રી ચંદ્રપ્રભ સ્વામિ જિનાલયે સહિરક શતાબ્દિ વર્ષ સહ**
**૧૭૫મી ધ્વજારોહણ પ્રસંગે આત્મીયભર્યું આમંત્રણ તથા સાથ સહકાર માટે નમ્ર વિનંતી.**
**આ અમુલ્ય અવસર વિક્રમ સંવત ૨૦૭૩ માગસર વદ-૧૩ સોમવાર, તા. ૨૬-૧૨-૨૦૧૬થી**
**પોષ સુદ-૨ શુક્રવાર, તા. ૩૦-૧૨-૨૦૧૬ પધારવા સૌને નિમંત્રણ છે.**

પંચાહ્નિકા મહોત્સવે પ્રસંગે પધારનારા સર્વે ગામવાસીઓ નિયાણી બહેનો તથા કુટુંબીજનો, જ્ઞાતિજનો, સમસ્ત શાસન પ્રેમીઓને નમ્ર નિવદેન કે આપના નલીયા મધ્યે આગમન અને પ્રસ્થાનના દિવસની નીચેના સરનામે પત્ર, ફોન, ઈમેલ અથવા વોટ્અપ ના માધ્યમથી જણાવશો. તથા આ પ્રસંગે પધારનારા ગામવાસીઓ પોતાના મકાનમાં ઉતારવાના હોય તો તેમને પણ તેની જાણ તા. ૧૦-૧૧-૨૦૧૬ સુધી કરવા નમ્ર વિનંતી. (જે યાત્રિકોની ટીકીટ મહાજન દ્વારા કઢાવી છે તેમનું રજીસ્ટ્રેશન થઈ ગયું છે તેમને જાણ કરવાની જરૂર નથી) **આપના આ રજીસ્ટ્રેશન મારફતે અમને આપ સૌની સગવડ સાચવવા સરળતા રહે.**

**આપનો સાથ અને સહકાર મહોત્સવની શોભા છે. આપના સાથે અને સહકારની આશાસહ...**

**સંપર્ક : પદમકુમાર ડી. નાગડા**

8/A, કચ્છી હાઉસ, નીયર વુમન્સ કૉલેજ, જે.સી. નગર, હુબલી-૫૮૦ ૦૨૦, કર્નાટકા.
મો.: 08892552607, ઈમેલઃ padamnagda@gmail.com



**આપના આગમનના અભિલાષી :**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન – નલીયા**
**શ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ – નલીયા**



।। શ્રી ચંદ્રપ્રભુ સ્વામી ને નમઃ ।।

## શ્રી નલીયા ગામની સર્વે નિયાણી બહેનોને નમ્ર નિવેદન,

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલીયા, શેઠશ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ-નલીયા આયોજીત શ્રી કચ્છ નલીયા નગરે શ્રી ચંદ્રપ્રભુ સ્વામિ જિનાલયે સહિરક શતાબ્દી વર્ષે તથા ૧૭૫મી ધ્વજારોહણ પ્રસંગે પરમાત્મા ભક્તિ સ્વરૂપ પંચાહ્નિકા મહોત્સવ તા. ૨૬/૧૨/૨૦૧૬ થી તા. ૩૦/૧૨/૨૦૧૬ દરમ્યાન નલીયા નગરે યોજાયેલ છે જેથી આપ સૌ વિદીત હશોજ. જેમાં આપણે સર્વે નિયાણી બહેનોને સહપરિવાર આમંત્રણ મળેલ છે.

**આ પંચાહ્નિકા મહોત્સવે આપણાં પુણ્યોદયે પ્રથમ સમગ્ર દિવસની સાધર્મિક ભક્તિ તેમજ જીવદયાની કાયમી મીતીનો લાભ આપણને મળેલ છે, જે આપણું કર્તવ્ય છે. આ સુકૃતમાં સહભાગી થવા આપ સર્વેને અનુરોધ છે. જેમણે પોતાનો અમુલ્ય ફાળો નોંધાવ્યો હોય એમની અનુમોદના અને જે બહેનોને જાણ ન થયેલ હોય તો આ જાહેરાતને રૂબરૂ મળ્યા તુલ્ય સમજીને સત્વરે આપનો યથાશક્તિ એ અમુલ્ય ફાળો નોંધાવવા નમ્ર વિનંતી છે. આપ નીચેના કોઈ પણ સ્થળે સંપર્ક કરી ફાળો નોંધાવીને રસીદ મેળવી લેશોજી.**

**તા.ક.:** જે બહેનો પંચાહ્નિકા મહોત્સવ પ્રસંગે નલીયા પધારશો તે અમને મેસજ દ્વારા જાણ કરશો તો આગળની વિગતો ડ્રેસ કોડ વગેરેની અમો તમને જાણ કરી શકીએ.

નલીયાની નિયાણી બહેનો વતી, **કલ્પના દિપક ધરમશી** (વાશી-નવીમુંબઈ) ના સબહુમાન જય જિનેન્દ્ર

**: સંપર્ક સૂત્રો :**

| | | |
|---|---|---|
| **મુંબઈ** | **વાશી-નવીમુંબઈ** | **ગાંધીધામ** |
| **મીનલબેન - ૯૭૦૨૬૪૮૮૪૬** | **કલ્પના દિપક ધરમશી** | **કવીતાબેન - ૯૪૨૮૬૮૨૨૯૦** |
| **ભુજ** | મો. ૯૮૬૯૧ ૨૧૬૦૧ | **કલીકટ** |
| **છાયાબેન - ૯૬૩૮૬૭૫૯૭૭** | | **સુશીલાબેન - ૯૦૩૭૫૨૮૩૧૬** |
| **વાપી-વડોદરા** | **અમદાવાદ** | **હુબલી** |
| **ચંદનબેન - ૮૧૫૫૮૨૨૨૫૧** | **ડિમ્પલબેન - ૯૩૨૪૧૪૧૫૮૪** | **ચંદનબેન - ૯૮૪૪૨૩૨૪૮૭** |

॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

# સાંધવ ગામે શાંતિનાથ દાદાની શીતળ છાયામાં પ.પૂ. સાધ્વીશ્રીજી પૂર્ણગુણાશ્રીજી મ.સા. અને જ્ઞાનેશગુણાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં પર્વ પર્યુષણ ની સુંદર આરાધના થયેલ.

સાંધવ ગામે શાંતિનાથ દાદાની શીતળ છાયામાં પ.પૂ. સાધ્વીશ્રીજી પૂર્ણગુણાશ્રીજી મ.સા. અને જ્ઞાનેશગુણાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં પર્વ પર્યુષણ ની સુંદર આરાધના થયેલ. રવિવાર તા. ૨૮/૮/૨૦૧૬ના સયાજી નગરી ટ્રેન દ્વારા ૧૮૫ જણની સંખ્યામાં માદરેવતન તરફ પ્રયાણ. બાંદ્રા સ્ટેશન ઉપર સાંધવ વાશીઓ સારી સંખ્યામાં વિદાય આપવા પધારેલ. ટ્રેનમાં બપોરના નાસ્તાના લાભાર્થી પરિવાર માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ. ચૌવિહારના લાભાર્થી પરિવાર માતુશ્રી વિરબાઈ રાઘવજી લોડાયા હસ્તે ભવાનજીભાઈ (મુલુન્ડ) દરેક આરાધકને દરેક દાતાશ્રીઓ તરફથી રૂ. ૨૦૦ નું સંઘ પૂજન કરવામાં આવેલ. રાત્રે ટ્રેનમાં ભક્તિ ભાવના કરવામાં આવેલ. તા. ૨૯/૮/૨૦૧૬ ના ભુજ થી બસો અને તુફાન દ્વારા આસંબીયા તરફ પ્રયાણમાં દેવ દર્શન કરી પ.પૂ. મ.સા. ને વંદન કરી નૌકારશીનો લાભ આપી બઉતેર જિનાલય તરફ પ્રયાણમાં પૂજા પાઠ દેવ દર્શન કરી શિવમસ્તુ તીર્થના દર્શન કરી, બાયઠ તરફ પ્રયાણ, બાયઠ સંઘે સંઘનું સ્વાગત કરેલ, ત્યાં દેવદર્શન કરી પ.પૂ.મ.સા. ને વંદન કરી સાધર્મિક ભક્તિ નો લાભ આપી. દેઢિયા તીર્થના દર્શન કરી ડુમરા તરફ પ્રયાણ દેવદર્શન કરી મ.સા.ને વંદન કરી ચા-પાણીનો લાભ આપી. તેરા તીર્થ તરફ પ્રયાણ સર્વે સંઘ સાંધવ પધારતા સંઘ નું સામૈયું કરવામાં આવેલ. રાત્રે મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવેલ. બાંદ્રા થી ભુજ સુધી ટિકિટના **દાતા પરિવાર શેઠ શ્રી શામજી નરશી દંડ પરિવાર મુલુન્ડવાળા** એ લાભ લીધેલ. ભુજ થી સાંધવ પંચતિથિ કરવાનો સંપૂર્ણ લાભ **માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા પરિવાર ડોંબિવલીવાળા** એ લીધેલ. ટ્રેનમાં પ્રભાવના, શોપિંગ બેગ, સમીર શામજી દંડ (મુલુન્ડ), ગુંદર પ્રભાવના માતુશ્રી લક્ષ્મીબાઈ મુરજી દંડ હ. ઉમેશભાઈ (ઘાટકોપર), ચોકલેટ પીપર - નેવિલ - સ્મિત વિપુલ પટેલ, ભેલ - તેજશ - શ્રેયા પ્રવીણ મોતા (ડોંબિવલી), ચીકી - જેનિક, પ્રિન્સ હિરેન દંડ (મુલુન્ડ), શીંગ ભુજીયા - પ્રિયાંશી જયેશ લોડાયા (મુલુન્ડ), મગદાલ - સ્વ. પ્રભાબેન નીતિન ધરમશી (સાંધાણ), ખીચી - કનિષ્ટ, વિયાન, વત્સલ, મોક્ષીલ પટેલ, કેળાવેફર - શ્રીમતી જિનાલ મોનિક લોડાયા (મોટી ખાવડી-ઘાટકોપર) તા. ૩૦/૮/૩૦૧૬ પર્વ પર્યુષણનો પ્રારંભ રોજ સવારે રાઈ પ્રતિક્રમણ, ચડાવા લેનાર ભાગ્યશાળીઓને પ્રથમ પક્ષાલ પૂજાનો લાભ, સ્નાત્ર મહોત્સવ, નવકાર મહામંત્રનું ધૂન, મહામંત્રના જાપ, ભક્તામર પાઠ, ગુરુજીના મુખેથી પ્રવચનો તેમજ કલ્પસૂત્ર વાંચન, સાંજના પ્રતિક્રમણ, પ્રભુજીની ભવ્ય અંગરચના, રાત્રે ભક્તિ ભાવના, દરરોજ વ્યાખ્યાનમાં પ્રતિક્રમણમાં ૮૦/૧૦૦ રૂા. ની પ્રભાવના દરરોજ લક્કી ડ્રો ૨૦૦ થી ઉપર દરેક દાતાશ્રીઓ તરફથી કરવામાં આવેલ. કલ્પસૂત્ર ઘરે (પોથી) પધરાવવાનો લાભ માતુશ્રી વિમલાબાઈ ખીમજી દંડ - વાપી અને વિજયસિંહ લાલજી ખોના - નલિયા મુલુન્ડ ૧૦૦૦૧ મણમાં લાભ લીધેલ. કલ્પસૂત્ર વહોરાવવાનો લાભ માતુશ્રી વિમલાબાઈ ઠાકરશી પટેલ ૪૦૦૧ મણમાં લીધેલ. વિશ તીર્થંકર ની વિશિષ્ટ આરાધના ૨૦ ગાથાઓની પૂજામાં સર્વે ભાગ્યશાળીઓ એ લાભ લીધેલ. શ્રાવણ વદ ૧૪ના પાર્શ્વનાથ ભગવાનનું ચારગતિ નિવારણ અનુષ્ઠાન રાખવામાં આવેલ. સર્વે ગાથાનો લાભ લીધેલ. વિધિવિધાન માટે કિશોર ભાઈ સાયાએ ભુજ થી પધારીને સેવા આપેલ. કલ્પસૂત્ર વરઘોડામાં શણગારેલી વેલ, ઘોડાઓ, ધર્મની ધજાનો રથ, કલ્પ સૂત્રના જાગરણમાં સારી એવી રમઝટ જામેલ. ભાદરવા સુદ ૨નાં **શાંતિનાથ દાદાની ભવ્યાતિ ભવ્ય હીરા જડિત આંગી ના દાતા પરિવાર અ.સૌ. દમયંતીબેન ચાંપશી લોડાયા (લોખંડવાલા) ઘાટકોપર પરિવાર** વાજતે ગાજતે શ્રી સંઘને અર્પણ કરેલ ત્યારબાદ પરિવારે પ્રભુજીને આંગી ચડાવેલ. બપોર સ્વપ્નની ઐતિહાસિક બોલીઓ બોલાઈ હતી. સ્વપ્નાંની બોલીમાં સંગીતની રમઝટ જમાવનાર ધારીણીબેન મોતા (ભાંડુપ)એ રમઝટ જમાવેલ. સ્વપ્નાંની ઘૃત બોલીમાં જયેશ જૈન, વિપુલ પટેલ, દિનેશ લેડાયા, સારી રમઝટ જમાવેલ. ભાદરવા સુદ ૪ના સાંધવ સંઘ તરફથી સમૂહ સાંજી રાખવામાં આવેલ. સંઘ તરફથી સાંધવના ભાઈ બહેનોએ તપસ્વીઓનું તિલક, બાટલો (ગુલાબજળ), માલા, શ્રીફળ કવર સાથે બહુમાન કરીને શાતા પૂછવામાં આવેલ. ૩૧ ઉપવાસવાળા - ૪ જણ, ૧૬ ઉપવાસવાળા - ૬ જણ, ૧૧ ઉપવાસવાળા ૩ જણ, ૯ ઉપવાસવાળા - ૫ જણ, ૮ ઉપવાસવાળા - ૩૫ જણ તેમજ ભક્તામર તપ, સમોસરણ, અઠ્ઠમ તપ - ૨૫ જણ, છઠ્ઠ તપ - ૧૦ જણ, વરસી તપ - ૧૫ જણ, ૪૫ એકાસણાવાળા - ૨૫ જણ, ૮ એકાસણા - ૫૦ જણ, આયંબિલ તપ - ૧૦ જણ, નાની મોટી તપસ્યા સારી થયેલ. બપોરના ૨ કલાકે તપસ્વીઓને બેન્ડ પાર્ટી સાથે વાજતે ગાજતે તપસ્વીઓનો વરઘોડો કાઢવામાં આવેલ. ત્યાર બાદ મંડપમાં સાંધવ જૈન સંઘ તરફથી દરેક તપસ્વીઓને ૩૧ ઉપવાસ - રૂા. ૫૬૦૦/-, ૧૬ ઉપવાસ - રૂા. ૨૭૫૦, ૧૧ ઉપવાસ રૂા. ૧૫૦૦/-, ૯ ઉપવાસ રૂા. ૧૩૦૦/-, ૮ ઉપવાસ રૂા. ૧૨૦૦/-, અઠ્ઠમ તપ ના રૂા. ૩૫૦/- છઠ્ઠ તપ રૂા. ૨૫૦/-, આયંબિલ રૂા. ૨૫૦/-, વરસી તપ રૂા. ૧૫૦/-, ૪૫ એકાસણા રૂા. ૨૦૦/-, ૮ એકાસણા રૂા. ૫૦/-, સમૂહ સાંજી થયા બાદ ૩૧ ઉપવાસવાળાને ૨ ગ્રામ સોનાની ગીની અને શાલથી બહુમાન,૧૬ ઉપવાસ - ૧ ગ્રામ સોનાની ગીની શાલથી બહુમાન, ૧૧,૯,૮ ઉપવાસને

## સાંધવ ગામે પર્યુષણ આરાધના

ચાંદીની ગીની માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવાર (મુલુન્ડવાળા)એ લાભ લીધેલ. સાંજીના ગીતોથી તેમજ તપસ્યા કરનાર તપસ્વીઓથી આખું મંડપ ગાજી રહ્યું હતું. ગામે ગામ થી સમૂહ સાંજીમાં પધાર્યા હતા. શાંતિનાથ દાદાની પૂજા કરનારે સંઘ તરફથી સારો ફાળો થયેલ. ૧૬,૦૦૦/- રૂા. નું બહુમાન કરીને કવર પૂજારીને આપવામાં આવેલ. રસોડા ખાતે, મહેતાજી, ચોકીદાર, ચાતુર્માસ રસોડા વિભાગના રસોઈયા તેમજ સર્વે કાર્યકર્તાઓનું પણ બહુમાન કરવામાં આવેલ. ૧૯૯૨થી પર્વની આરાધના કરાવનાર ૨૦૧૬ સુધી જે ભાગ્યશાળી એ પર્વની ૨૫ વર્ષ સુધી સાંધવ ગામે આરાધના કરેલ તેમનું શ્રી શાંતિ નવયુગ જૈન મિત્ર મંડળ દ્વારા બહુમાન કરવામાં આવેલ. રાત્રે સ્થુલિભદ્ર હૃદય પરિવર્તન નાટક કરવામાં આવેલ. ભાગ લેનાર વિપુલ પટેલ, પ્રિયા પટેલ, હેતાળ પટેલ, હિરલ રોકી, કાજલ ધનરાજ, સ્મિતા લોડાયા, કાજલ ખોના, એકતા દંડ, સ્મિત પટેલ, વત્સલ પટેલ, મોક્ષીલ પટેલ, ૧૬ ઉપવાસ આયંબિલ તપની તપસ્યા કરીને ભાગ ભજવેલ. પાંચમના પ.પૂ. ને બારસા સૂત્ર વહોરાવવાનો લાભ શ્રી ભાગચંદ દામજી જૈન લીધેલ. પાંચ જ્ઞાનના ચડાવા દરેક ચડાવા ભાગ્યશાળી લીધેલ. બારસા સૂત્ર પૂર્ણ થયા બાદ ચૈત્ય પરિપાટી કરવામાં આવેલ. બપોર ના ૨.૦૦ કલાકે બીજો રાઉન્ડ સાંજ ના ૪.૩૦ કલાકે રાખવામાં આવેલ. કુમારપાળ રાજા બનવાનો લાભ માતુશ્રી દમયંતીબેન ઝવેરચંદ મૈશેરી નાની સિંધોડીએ લીધેલ, પાંચમના ઉપવાસવાળા ૨૦૦ જણને રૂા. ૧૦૦/- પ્રભાવના દરેક જણને સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન કોઠારા તરફથી, ભાદરવા સુદ ૬ના સવારના ૫.૦૦ પ્રભુજીનો ગંભારો ખોલનાર ભાગ્યશાળી પ્રિયાંશ, પ્રિષા, જયેશ લોડાયા (મલુન્ડ), રંગમંડપનો લાભ લેનાર ભાગ્યશાળી નવલબાઈ ભવાનજી દંડ પરિવારના ઘરે સંઘ વાજતે ગાજતે ગયેલ. બંને ભાગ્યશાળીઓ તરફથી રૂા. ૨૦/- ની પ્રભાવના કરવામાં આવી. વાજતે ગાજતે સંઘ અને પ.પૂ. સાધ્વીશ્રીજી મ.સા. સાથે રંગ મંડપ ગંભારો ખોલવામાં આવેલ. ચૈત્ય વંદન કરી પ.પૂ. મ.સા. માંગલિક સંભળાવેલ. સમૂહ ક્ષમાપના કરવામાં આવેલ. ત્યાર બાદ તપસ્વી બહુમાનનો વરઘોડો વાજતે ગાજતે નીકળેલ. ત્યાર બાદ તપસ્વીઓને પારણાં કરવામાં આવેલ. સંઘ તરફથી રૂા. ૧૦/- ની પ્રભાવના કરવામાં આવેલ. લાલ છત્તાપીરને સલામ દર્શન કરવા સર્વે સંઘ વાજતે ગાજતે ગયેલ. ત્યાં પહેડી પ્રસાદ કરેલ ત્યારબાદ વીર પ્રભજીનું પારણું પધરાવનાર માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ હસ્તે ઠાકરશી પટેલ, ઝવેરચંદ મેઘજી ખોના પરિવાર અને કાંતીચંદ ગોવિંદજી ખોના પરિવારના ઘરે સંઘ સાંજે વાજતે ગાજતે પારણું પધરાવવામાં આવેલ. લાભ લેનાર ભાગ્યશાળી તરફથી રૂા. ૧૦/- પ્રભાવના કરવામાં આવેલ. બપોરના અઢાર અભિષેક રાખવામાં આવેલ, શા લાલજી શામજી પટેલ પરિવાર અને અજિત નવીન લોડાયા (અમેરિકાવાળા) તરફથી રાખવામાં આવેલ. તા. ૮/૯/૨૦૧૬ના સવારે મુંબઈ વાસીઓએ વિદાય લીધેલ. સાંયરા, જસાપર, તેરા, નરેડી, માંકડા, દેવપર, તીર્થના દર્શન કરેલ. પ.પૂ. મ.સા.ને વંદન કરી ભુજ પહોંચેલ સર્વે તીર્થમાં સંઘનું સ્વાગત કરવામાં આવેલ. ચા-પાણી સાધર્મિક ભક્તિનો લાભ આપેલ. સાંજે ચૌવિહાર સ્ટેશન ઉપર કરવામાં આવેલ. સાંધવ થી ભુજ સંપૂર્ણ પંચતીર્થી કરાવાનો લાભ **માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવાર** મુલુન્ડવાળાએ લીધેલ. ભુજ થી મુંબઈ ટ્રેનની ટિકિટનો લાભ **શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા લોખંડવાલા**એ લીધેલ. સવારના શ્રી શાંતિદાયક શ્રી શાંતિનાથ મહાપૂજનના લાભાર્થી પરિવાર સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન (ધરમશી) કોઠારા હાલે મુલુન્ડ તરફથી રાખવામાં આવેલ. પર્વ દરમ્યાન સાંધવ પર્વની આરાધના કરવા સાંધવ વાસીઓને ઘર દીઠ શેઠશ્રી મુરજી રાઘવજી લોડાયા પરિવાર (દાદર), બેડશીટની પ્રભાવના કરવામાં આવેલ. દેરાસરજીને શણગારવાનો લાભ શ્રી સમીર શામજી દંડ મુલુન્ડ એ લીધેલ. ચાતુર્માસ કરવાનો લાભ તેમજ પર્વ દરમ્યાન સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ હસ્તે ઠાકરશી પટેલ એ લીધેલ. ચીમનભાઈ મેઘજી મોતા તરફથી ૮ ઉપવાસથી વધારે કરવા વાળાનો સમેત શિખરજી મહાતીર્થ નો લક્કી ડ્રો કાઢવામાં આવેલ. તે ૩૧ ઉપવાસવાળા નવીનચંદ્ર ઠાકરશી મૈશેરીના ફાળે ગયેલ. ઝરીકસબના ૪ મોટા રૂમાલ માતુશ્રી રસીલાબાઈ માણેકજી લોડાયા પરિવાર મુલુન્ડ, મ.સા. ને બેસવાનો પાટ અને નવગ્રહ પાટલા નંગ - ૩, રેખા દેવી ખુશાલચંદ પોલડિયા બાયઠ - પાંચોરા તરફથી મહાજનશ્રીને અર્પણ કરવામાં આવેલ. શાંતિનાથ દાદાના દર્શન કરવા પ.પૂ. મ.સા. ને વંદન કરવા ગામે ગામ થી સંઘો આવી રહેલ છે. વરાડિયા, દેઢિયા, બાયઠ, આરીખાણા, ડુમરા, વારાપધ્ધર, કોટડા, રોહા, ગોધરા, વંઢી, માપર, કોઠારા, પરજાઉ, જસાપર, શેરડી, ભોરારા, સાંધણ, વીંઢ, રાયણ, બાડા, મોટી સિંધોડી, મોટા અંગિયા, નલિયા, તેરા, જીરાવલ્લા ઘાટકોપર, રાયધણજર, લાલા લઠેડી, ભોરારા, સાંયરા, લાયજા, નરેડી, રંગપુર, મુલુન્ડ, ચિયાસર, માંડવી, ભુજ વર્ધમાન નગર, દેવપર, જખૌ, સુથરી નાગલપુર, મેરાઉ, સાભરાઈ, ભુજપર, માહિમ કચ્છી જૈન, વસઈ, મુંબઈ, ડોણ, કોડાય, મોટા આસંબીયા, ઉનરોઠ, નવવાસ, ભોજાય, બાંઢીયા, નખત્રાણા, ભુજ, ચેન્નાઈ, જામનગર, નાની સિંધોડી સંઘ, મુંબઈ બોરીવલી સંઘ, ગોધરા મુંબઈ, ભુજ થી વાગડ સંઘો આવી રહ્યા છે.

પર્વની આરાધના કરવા ૪૦૦ થી વધુ સંખ્યામાં સાંધવ વાસીઓ, નિયાણી બહેનો, આમંત્રિત મહેમાનો, મુંબઈ, લોનાવલા, ઈન્દોર, ભાગલકોટ, લોકાપુર, નિમચ, પારોલા, અમલનેર, પાંચોરા, શેવગાવ, વાપી, અંકલેશ્વર, આણંદ, વડોદરા, અમદાવાદ, ગાંધીધામ, ભુજ, માંડવી આશ્રમ, નખત્રાણા, માંડવી, મુન્દ્રા, લૂણી, ધ્રૂફી, વરાડિયા, કોટડા,

## સ્વપ્ન ઘૃત ઉછામણી બોલનાર ભાગ્યશાળીઓ

| | | | |
|---|---|---|---|
| | મોક્ષની બારી | | કંચનબેન ગુલાબચંદ નાગડા (રંગપુર) / વિમલાબેન ઠાકરશી પટેલ (સાંઘવ) |
| ૧) | ગજવર | ઝુલાવવાનું | દમયંતીબેન ચાંપશી લોડાયા પરિવાર (ઘાટકોપર) |
| | | પધરાવવાનું | લક્ષ્મીબેન ચત્રભોજ દંડ હસ્તે : કલ્પનાબેન શામજી દંડ (મુલુન્ડ) |
| ૨) | રૂષભ | ઝુલાવવાનું | ઠાકરશી લાલજી પટેલ પરિવાર (સાંઘવ) |
| | | પધરાવવાનું | ઠાકરશી લાલજી પટેલ પરિવાર (સાંઘવ) |
| ૩) | કેસરી સિંહ | ઝુલાવવાનું | સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી જૈન પરિવાર (કોઠારા-મુલુન્ડ) |
| | | પધરાવવાનું | મણીબાઈ કુંવરજી મોતા (ડોંબિવલી) |
| ૪) | મહાલક્ષ્મીજી | ઝુલાવવાનું | માતુશ્રી રસીલાબાઈ માણેકજી મેઘજી લોડાયા (મુલુન્ડ) |
| | | પધરાવવાનું | શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા / શેઠશ્રી પ્રકાશ માણેકજી લોડાયા / શેઠશ્રી શામજી નરશી દંડ / સંઘવી ભાગચંદ દામજી જૈન (કોઠારા-મુલુન્ડ) |
| ૫) | ફુલની માળા | ઝુલાવવાનું | દમયંતીબેન ચાંપશી લોડાયા (ઘાટકોપર) |
| | | પધરાવવાનું | લક્ષ્મીબાઈ નરશી દંડ હસ્તે : શામજીભાઈ દંડ (મુલુન્ડ) |
| ૬) | ચંદ્રમા | ઝુલાવવાનું | માતુશ્રી ઝમકુબેન લાલજી પટેલ (મુલુન્ડ) |
| | | પધરાવવાનું | તનીષા હિમાંશુ વીરચંદ ખોના (ડોંબિવલી) |
| ૭) | સુરજ | ઝુલાવવાનું | નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા (મુલુન્ડ) |
| | | પધરાવવાનું | ધનબાઈ દેવરાજ લોડાયા હસ્તે : રસીકભાઈ (મુલુન્ડ) |
| ૮) | ધર્મની ધ્વજા | ઝુલાવવાનું | માતુશ્રી લક્ષ્મીબાઈ નરશી દંડ હસ્તે : લક્ષ્મીચંદભાઈ દંડ (ભાંડુપ) |
| | | પધરાવવાનું | શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ |
| ૯) | કળશ | ઝુલાવવાનું | લક્ષ્મીબેન નરશી દંડ હસ્તે : શકુંતલા રાયચંદ દંડ (મુલુન્ડ) |
| | | પધરાવવાનું | ચેતન રોડ કેરીયર્સ હસ્તે : શ્રી દીનેશ રામજી લોડાયા (મુલુન્ડ) |
| ૧૦) | પદ્મસરોવર | ઝુલાવવાનું | દમયંતીબેન હંસરાજ દંડ પરિવાર (મુલુન્ડ) |
| | | પધરાવવાનું | લક્ષ્મીબાઈ નરશી ચત્રભોજ દંડ હસ્તે : બધા ભાઈઓ |
| ૧૧) | ક્ષીરસાગર | ઝુલાવવાનું | સ્વસ્તીક ક્લીયરીંગ એજેન્સી હસ્તે : જયેશ લોડાયા / જતીન નાગડા (મુંબઈ) |
| | | પધરાવવાનું | હેમલતાબેન નલીનકાંત પીર (લોડાયા) (સુથરી) |
| ૧૨) | દેવવિમાન | ઝુલાવવાનું | સંઘવી ભાગચંદ દામજી જૈન પરિવાર (કોઠારા-મુલુન્ડ) |
| | | પધરાવવાનું | કુ. પ્રિયા જયેશ જૈન પરિવાર (કોઠારા-મુલુન્ડ) |
| ૧૩) | રત્નની રાશી | ઝુલાવવાનું | દમયંતીબેન ચાંપશી લોડાયા પરિવાર (ઘાટકોપર) |
| | | પધરાવવાનું | માતુશ્રી ગંગાબાઈ રામજી લોડાયા હસ્તે : અલ્પા ચેતન લોડાયા (મુલુન્ડ) |
| ૧૪) | અગ્નિશીખા | ઝુલાવવાનું | નિર્મલા કેટરર્સ હસ્તે : નિર્મલાબેન મુકેશ મોમાયા (લોનાવાલા-વરાડીયા) |
| | | પધરાવવાનું | મે. દિનેશ રોડલાઈન્સ (સાંઘવ-મુલુન્ડ) |
| પ્રભુજીનું પારણું | | ઝુલાવવાનું | શ્રીમતી ડિમ્પલ સમીર શામજી દંડ (મુલુન્ડ) |
| | | પધરાવવાનું | માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ (મુલુન્ડ) / જવેરચંદ મેઘજી ખોના (ડોંબિવલી) કાંતિચંદ ગોવિંદજી ખોના (ઘાટકોપર) |
| આરતી | | | હીરબાઈ કુંવરજી લાલકા (વારાપધ્ધર) / પ્રેમીલાબેન સોમચંદ નાગડા (વારાપધ્ધર) |
| મંગલ દીવો | | | ખેતબાઈ મેઘજી ખોના હસ્તે : જવેરચંદ ખોના (ડોંબિવલી). |

**કુલ સ્વપ્ન - પારણું ઘૃત મણ : ૨૦,૦૦,૭૧૧**

ગામે ગામ થી પધારેલ. ચાતુર્માસ દરમ્યાન આંગી બનાવવાનો લાભ ચાતુર્માસ દાતાએ લીધેલ. સુંદર આંગીનો શણગાર બનાવવા મધુરબેન વીકમસી પધારેલ. ચાતુર્માસ પર્વ દરમ્યાન પ્રકાશ કુંવરજી, ઝવેરચંદ ખોના, ઉમેશ ખોના, પરેશ દંડ, રાજેશ દંડ, ખુશાલ પટેલ, મુકેશ દંડ, દિપક દંડ, મિથુન પટેલ, બ્રિજેશ પટેલ, હિતેશ પટેલ, રાજેશ પટેલ, ડોલર લોડાયા, વિશાલ લોડાયા, તેજ પટેલ, મનોજ ગાલા, મનીષ પીર, વૈશાલી લોડાયા, ચાંદની નાગડા, એકતા દંડ, કસ્તુરીબાઈ લોડાયા, જયશ્રી ખોના, જયાબેન સોની, જ્યોતિબેન લાલકા, મુક્તાબેન દંડ, ધનબાઈ નાગડા, જ્યોત્સનાબેન દંડ, પ્રફુલ દંડ, ચંદ્રેશ સોની, તેજકુમાર ધરમશી, શરદ જાડેજા, નયન દંડ,

અનુસંધાન ૨૪માં પાને

# વીસરાય એ પહેલાં આ સ્વરોને લખી લેવા માગું છું

**- શહાબુદ્દિન રાઠોડ**

ઑસ્ટ્રિયાના વિયેના શહેરની શેરીમાંથી બે સજ્જનો પસાર થઈ રહ્યા હતા. સાંજનો સમય હતો. શેરીના ખૂણા પરના ઘરમાંથી આવતા સંગીતના સ્વરો સાંભળી એક સજ્જનના પગ થંભી ગયા. સ્વરોમાં દર્દ ઘૂંટાઈને આવતું હતું અને સાંભળનારના હૃદયમાં કોઈ અદમ્ય ભાવો જગાવતું હતું. બંને ત્યાં ઊભા રહી ગયા. એક સજ્જને કહ્યું, ''ચાલ આપણે એ ઘરમાં જઈએ.'' બીજા સજ્જને કહ્યું, ''અજાણ્યો વિસ્તાર છે, અપરિચિત ઘર છે, કોને ખબર કોનું ઘર હશે ?'' પહેલા સજ્જને કહ્યું, ''આવું દર્દભર્યું સંગીત જ્યાં સર્જાતું હોય એ ઘર કોઈ ઘાયલ કલાકાર સિવાય બીજા કોનું હોઈ શકે ?''




બંને એ ઘર તરફ વળ્યા. બારણું ખુલ્લું જ હતું. બંનેએ ઘરમાં પ્રવેશ કર્યો પરંતુ જે જોયું તેનાથી બંને સ્તબ્ધ બની ગયા. એક કિશોર કોથળા પર બેસી મોચીકામ કરી રહ્યો હતો. મોચીકામનાં ઓજારો, ચામડાના ટુકડા અને બૂટ-સૅન્ડલ બાજુમાં પડ્યાં હતાં. દુર્ગંધ પણ આવતી હતી. કિશોરનાં કપડાં ગંદાં હતાં. એણે ઊંચે જોયું. બે ઉમરાવ જેવા ખાનદાન નબીરાઓને પોતાના ઘરમાં જોઈ ભાવવિહીન ચહેરાથી માત્ર 'પધારો સાહેબો' કહી સ્વાગત કર્યું. એક મેલી ચાદર પાથરી છોકરાએ કહ્યું, ''બેસો શ્રીમાન, આ મારી બહેન છે, તે અંધ છે. તેનો એકમાત્ર સહારો આ વાયોલિન છે અને મારો એકમાત્ર સહારો મારી બહેન છે.''

આ બાળા અંધ છે એવું જાણીને બંને સજ્જનોને બહુ દુઃખ થયું. એક સજ્જને કહ્યું, ''અમે પણ સંગીતમાં રસ ધરાવીએ છીએ. વાયોલિનના સ્વરો સાંભળ્યા અને અમે અમારી જાતને રોકી ન શક્યા. માફ કરજો, અમારા આગમનથી કાંઈ વિક્ષેપ થયો હોય તો !'' અંધ બાળાએ કહ્યું, ''આપની લાગણી માટે આભાર, મહેરબાન.'' એક જ ઓરડો હતો. એ પણ ઠંડો હતો. ભોંય પર કાર્પેટ નહોતો. નહોતી ક્યાંય ફાયર પ્લેસ. ઠંડી સામે ટકી રહેવા ભાઈબહેનના દેહ પર પૂરાં વસ્ત્રો પણ નહોતાં. આખા ઓરડામાં ગરીબાઈ આંટો લઈ ગઈ હતી. આવનાર સજ્જનોમાંથી એક તરત જ સંગીતમાં ઘૂંટાતા દર્દનું કારણ સમજી ગયા. થોડી વાતચીત થયા પછી અંધ બાળાએ પોતાનું સંગીત રજૂ કર્યું. એક સજ્જને કહ્યું, ''વાહ, અદ્દભુત.'' અને તરત જ અંધ બાળાએ વાયોલિન એ અવાજ તરફ ધરીને કહ્યું, ''હવે આપ શ્રીમાન વગાડો.'' એ સજ્જને વાયોલિન હાથમાં લીધું અને વેદનાના સ્વરો વાતાવરણમાં પ્રસરવા લાગ્યા. ઘેરા વિષાદની છાયામાં ચારેયનાં હૈયા વિહ્વળ બની ઊઠ્યાં. દર્દના સૂરો શમ્યા એટલે અંધ બાળાએ કહ્યું, ''આપ બિથોવન છો. કહો હાં.'' અને વાયોલિનવાદકે કહ્યું, ''હા હુ બિથોવન છું.'' લુડવિગ બિથોવન દુનિયાનો મહાન સંગીતકાર હતો. મોન્ટે વર્દી, જેહાન સેબેસ્ટિયન બાક, જ્યોર્જ ફ્રેડરિક હેન્ડેલ, મોઝાર્ટ, ફ્રાન્ઝપિયર શુબર્ટ, રિચાર્ડ વાગ્નર, હાઈડન અને બિથોવન એમના જમાનાના યુરોપના મહાન સંગીતકારો હતા.

લુડવિગ બિથોવનનો જન્મ જર્મનીના બોન શહેરમાં ઈ.સ. ૧૭૭૦ માં થયો હતો એની ઊંચાઈ પૂરતી નહોતી પણ બાંધો કસાયેલો હતો. કાંઈક શોધવા મથતી હોય તેવી તેજસ્વી આંખો, મોટું કપાળ, ખૂબ કાળા રંગના ઘાટા વાળ, ચહેરા પર જોવા મળતા વિદ્રોહના ભાવ. એ મોટે ભાગે ઉદાસ રહેતો. કદીય ખડખડાટ હસ્યો નહિ હોય છતાં એનું સ્મિત મોહક હતું. વાતચીતમાં એ પ્રેમાળ હતો, એ એકાકી હતો. પિયાનોનો અજોડ કલાકાર હતો. એ જ્યારે વગાડતો ત્યારે અનેક ભાવો તેના ચહેરા પર જોવા મળતા. બિથોવનનું સંગીત સાંભળનાર શ્રોતાઓ સ્વયંને ભૂલી જતા. બિથોવન તો સ્થળ, સમય અને સ્વયં બધું ભૂલી તેની સંગીતસાધનામાં એવો લીન બની જતો કે રંગમંચ પર માત્ર તેનું સંગીત રહેતું. સંગીતકારનું જાણે કે અસ્તિત્વ જ નહોતું રહેતું.

*ગ્રીષ્મની ગરમીમાં ભડભડ બળે તે હોળી,*
*અમાસની રાતે દીવા થઈ અવતરે તે દિવાળી.*

બિથોવને સંગીતની આ અદ્‌ભુત સિદ્ધિ અથાગ પરિશ્રમને અંતે મેળવી હતી. બાળપણથી જ એ કારમા સંઘર્ષો સામે ઝઝૂમ્યો હતો. અનેક અવરોધોને ઓળંગીને એ પોતાના લક્ષ્યાંક સુધી પહોંચ્યો હતો. શાળામાં ભણવાની અને શેરીમાં રમવાની વયે તો તે ઓપેરામાં વાયોલિન વગાડવા જતો. આ બાળકલાકારની કમાણીમાંથી તેની પ્રેમાળ માતા ઘરનો વ્યવહાર ચલાવતી અને તેનો શરાબી પિતા બાકીની રકમ શરાબ માટે ઝૂંટવી જતો. બિથોવનનો કોઈ દોસ્ત નહોતો. એ એકાકી રહેવા જ જાણે જન્મ્યો હતો. બિથોવનનું તેની માતા સિવાય આ જગતમાં કોઈ નહોતું. ઓપેરામાં વાયોલિન વગાડી મોડી રાતે બિથોવન ઘેર આવતો ત્યારે માતા એની રાહ જોતી બેસી રહેતી. બિથોવનને ખવરાવી એ જ્યારે તેના માથા પર હાથ ફેરવતી ત્યારે બિથોવનને જીવન જીવવા જેવું લાગતું. એ માતાના ખોળામાં માથું રાખી ઘસઘસાટ ઊંઘી જતો. શરાબી પિતાની ગણતરી બિથોવનના પુરસ્કારમાંથી કેટલો શરાબ ખરીદી શકાય એટલી જ હતી. તેની કલા સાથે આ નિષ્ઠુર બાપને કાંઈ લેવાદેવા નહોતી.

બિથોવન વાયોલિન વગાડતો અને પિયાનો શીખતો, પરિવાર માટે પૈસા રળતો અને પ્રેમાળ માતાના સહારે જીવન જીવતો. એમાં એક દિવસ તેની માતાએ છેલ્લી વાર બિથોવનના માથે હાથ ફેરવ્યો. માતાની આંખમાંથી અશ્રુ વહ્યાં. બિથોવને માથું નમાવ્યું અને માતાએ અંતિમ શ્વાસ લીધા. બિથોવન માતાના વિયોગમાં રોતો જ રહ્યો, રોતો જ રહ્યો. આખરે એણે વાયોલિનનું શરણ શોધ્યું. એની વેદના સંગીતમાં વ્યક્ત થવા લાગી. હવે એ સંગીત વધુ ગહેરાઈમાં ઊતરવા લાગ્યું. એકાકી બિથોવનના જીવનમાં સ્ત્રીપાત્રો તો આવ્યાં પણ કોઈનો એ જીવનભર સંગાથ મેળવી ન શક્યો. પોતાના સંગીત સિવાય એ કોઈને ચાહી જ ન શક્યો. પિયાનોવાદક તરીકે તેની ખ્યાતિ પ્રસરતી ગઈ. એક વાર મહાન સંગીતકાર હાઈડનનો બિથોવનને મેળાપ થયો. તેણે હાઈડનનું ગુરુપદ સ્વીકાર્યું અને તેમની જ સૂચનાથી વિયેનામાં રહેવાનું શરૂ કર્યું. બિથોવને એક શિષ્ય તરીકે હાઈડન પાસેથી લઈ શકાય એટલી તાલીમ લીધી પણ અભિવ્યક્તિની બાબતમાં બિથોવનને હાઈડન રૂઢિચુસ્ત જણાયા. બિથોવનનાં અરમાનો રૂઢિના ચોકઠામાં સમાઈ શકે તેમ નહોતાં. બિથોવને પોતાના સર્જન માટે પોતાની સ્વતંત્ર કેડી કંડારી. હવે વિયેનાના શાહી ઘરાનામાં, શ્રીમંત પરિવારોમાં, બિથોવનનું માનભર્યું સ્થાન નિશ્ચિત થઈ ચૂક્યું હતું. એક અજોડ કલાકાર તરીકે સમાજ તેને સન્માન આપતો હતો. ચાહકોનો એક વિશાળ વર્ગ તેનો પડ્યો બોલ ઝીલવા તૈયાર હતો.

તે સાંજે બિથોવન તેના મિત્ર સાથે વિયેનામાં માત્ર લટાર મારવા નીકળેલા. એક ગરીબ ઘરમાંથી સંગીતના સ્વરો સાંભળી બંનેએ પ્રવેશ કર્યો અને અંધ બાળાના આગ્રહથી બિથોવને વાયોલિન વગાડ્યું. અંધ બાળા તરત જ ઓળખી ગઈ. બિથોવને પણ જણાવ્યું, ‘‘હું જ બિથોવન છું.’’ આ વાક્ય સાંભળતાં મોચીકામ કરતો ભાઈ ચમકી ગયો. તેણે કહ્યું, ‘‘બિથોવન! આપ બિથોવન છો? મારી બહેન આઠ દિવસથી મને કહે છે બિથોવનના શોની ટિકિટ લઈ આવ અને હું એને સમજાવું છું કે આપણી જિંદગીભરની કમાણીમાંથી પણ બિથોવનના શોની ટિકિટ ખરીદી શકાય તેમ નથી.’’ બિથોવને કહ્યું, ‘‘હવે શોની ટિકિટ ખરીદવાની જરૂર નથી. તમે જણાવશો ત્યારે હું જ અહીં આવી વાયોલિન વગાડી જઈશ.’’ બિથોવનની આ કરુણા અંધ બાળાને સ્પર્શી ગઈ. એ ધ્રુસકે ધ્રુસકે રોવા લાગી તેણે કહ્યું, ‘‘હવે છેલ્લી વાર વગાડો. પછી આપને તકલીફ નહિ આપું.’’ એ વખતે સંધ્યાનું અંધારું ઊતરી ચૂક્યું હતું. ઓરડામાં ઝાંખો પ્રકાશ હતો. કરુણતા તો એ હતી કે ઘરમાં દીવો કરવા માટે તેલ પણ નહોતું. કેરોસીન પણ નહોતું.

અંધ બાળાની વિનંતી સાંભળી બિથોવનને કાંઈક સૂઝી આવ્યું. એ ઊભો થયો અને ઓરડાની એક બારી તેણે ખોલી નાખી. એ બારીમાંથી ચંદ્રમાના પ્રકાશે ઓરડામાં પ્રવેશ કર્યો અને એ પ્રકાશમાં બિથોવને વાયોલિન હાથમાં લીધું. જે સ્વરો સર્જાયા તે અદ્‌ભુત હતા. બિથોવનની જીવનભરની સાધના જાણે એક નવા જ સર્જન રૂપે વ્યક્ત થઈ રહી હતી. મિલન માટે કોઈ વિરહીના પ્રાણ તરફડતા હોય એવી વેદનાનો ચારેયે અનુભવ કર્યો. બિથોવને અચાનક વાયોલિન વગાડવું બંધ કર્યું. એના ચહેરા પર અકથ્ય ભાવો હતા. એ અશાંત હતો. તેણે ભાઈ-બહેનની વિદાય લીધી અને તેના મિત્રને કહ્યું, ‘‘ઝટ ચાલ. જે રજૂઆત મારાથી અહીં થઈ છે એ સ્વરોનું કંપોઝિશન હું ઝડપથી નોંધી લેવા માગું છું. સ્વરો સ્મૃતિમાંથી વીસરાય એ પહેલાં હું એ લખી લેવા ઈચ્છું છું....’’

* * *

*આગ થઈ, ગલીએ ગલીએ ભટકે તે હોળી,*
*ગોખલે બેસી હારબંધ હસે, તે દિવાળી.*

# પ્રતિબિંબોનું મિલન



કેટલીક વ્યક્તિઓ કે કેટલીક વિભૂતિઓ એવી હોય છે કે જેમને થોડા થોડા દિવસે મળીએ નહીં તો જીવનમાં કશુંક ખૂટતું હોય એવું લાગે. જે. કૃષ્ણમૂર્તિ, રજનીશજી, કબીર, મીરાં, રૂમી, ટાગોર, એલિયટ, ઉમાશંકર, નિરંજન... આવાં તો કેટકેટલાંય નામો છે. થોડા દિવસ થાય અને મનને એમનો શોષ પડ્યા કરે. એમણે કહેલી કેટલીક વાતો યાદ આવ્યા કરે. એમણે લખેલાં પુસ્તકો તરફ વળવાનું મન થાય. સાંજ પડે ને પંખી જેમ માળા તરફ જાય એમ, થાય કે ચાલો આજે ઑડેનને મળીએ. આમ કેટલાક માણસો આપણા અસ્તિત્વની આસપાસ કોઈક ને કોઈક રીતે એવા સંકળાયેલા હોય છે કે એ લોકો ન હોય તો આપણું અસ્તિત્વ ઘણી વાર આપણાને પોતાને મમરાના કોથળા જેવું લાગે.

જે. કૃષ્ણમૂર્તિનો વિચાર કરું અને એમની એક વાત યાદ આવે. એ કહ્યા કરે છે કે બે માણસો મળતા જ નથી. બે પ્રતિબિંબો મળે છે. બે માણસો ગઈ કાલના અનુભવથી મળે છે અને એટલે જ કોઈનાં મિલન કુંવારાં હોતાં નથી. કાંતો પૂર્વગ્રહથી મળે છે અથવા પક્ષપાતથી મળે છે. મનમોહનસિંહ અને ઓબામા મળે એ બે સત્તાઓ મળતી હોય એવું લાગે. અમિતાભ બચ્ચન અને લતા મંગેશકર કે સચીન તેન્ડુલકર મળે તો ત્રણે ખ્યાતિઓ મળતી હોય એવું બને. આમ કોઈનાં મિલન પહેલી વાર મળતાં હોય એવા કોરી પાટી જેવાં નથી હોતાં. આપણે ગતિમાં નહીં પણ ગતિના આભાસમાં જીવીએ છીએ. આપણે મોજમજાને જાણીએ છીએ પણ આનંદને ઓળખતા નથી.

રજનીશજી યાદ આવે છે ત્યારે તમને એક હસતો સંત દેખાયા કરે. એના નામની આસપાસ વિવાદ તો ચાલ્યા જ કરે છે પણ આપણને વિવાદમાં રસ નથી. રજનીશજી ભલે મરણ પામ્યા હોય પણ એ સદાકાળ જીવંત રહે એવા છે અને વિવાદ તો જીવંતનો થાય, મડદાંઓનો વિવાદ નથી થતો. રજનીશજીની કેસેટ સાંભળીએ ત્યારે આપણો જાણે કોઈ મિત્ર આપણી જોડે સ્વાભાવિકપણે વાતચીત કરતો હોય એવું લાગે. રજનીશજી એટલે ખુલ્લાબોલા અને આખાબોલા. એ ગંભીર રીતે હસી શકે છે અને હસતાં હસતાં ગંભીર થઈ શકે છે. સંત પોતે જ જો હસે નહીં તો એના શિષ્યોમાં પાનખર જ હોય, વસંત પ્રગટે જ નહીં. રજનીશજીનો વિચાર કરું ત્યારે એમનાં કેટલાંક વાક્યો યાદ આવે. કહે છે કે, સ્વર્ગનું નિર્માણ કરવું કે નરકનું નિર્માણ કરવું એ તમારા પોતાના હાથમાં છે. સર્જન કરવાની તમારી શક્તિ કઈ છે એના પર બધું અવલંબે છે. તમારે કોઈ સ્ટેશને જવું હોય તો ટિકિટ ખરીદવી પડે એમ આ સ્વર્ગ અને નરક રેડીમેડ નથી, ટિકિટ ખરીદવા જેટલા સહેલા નથી. સ્વર્ગના નિર્માતા તમારે જ થવાનું છે. એ તો કવિતાની ધ્રુવપંક્તિની જેમ કહ્યા કરે છે કે તમે એટલી હદે પ્રેમ કરો કે તમારા પ્રેમમાં તમારો અહમ્ ઓગળી જાય અને તમે પોતે જ પ્રેમની ગંગોત્રી થઈ શકો. પ્રેમ જ સ્વર્ગનું નિર્માણ કરી શકે છે. ધિક્કાર નરક ઊભું કરશે. એ પોતે માને છે કે ભવિષ્યના ધર્મનો આધાર એ ગંભીરતા નહીં પણ હાસ્ય પર અવલંબે છે. પશુઓ હસતાં નથી પણ માણસો હસી શકે છે. આપણા મોટા ભાગના સંતો દિવેલિયા ડાચા સાથે ફરે છે અને હસતા પણ નથી એ કેટલી કરુણ ઘટના છે.

**(અનુસંધાન પાના નં. ૨૬ ઉપર)**

*વારાંગના થઈ કામાગ્નિમાં બાળે તે હોળી,*
*નતમસ્તક, મૌનમાં મલકાય તે દિવાળી.*

# તરતી નાવ, સિધ્ધિ કે શાસ્ત્રના નિશાન છોડતી નથી

- સુભાષ ભટ્ટ



પૂર્વ બંગાળના વિક્રમપુર ગામની એક નદીમાં એક ઘટના બની જેમાં બાઉલનું સત્ત્વ-તત્ત્વ પ્રગટે છે. સેન નામના એક જિજ્ઞાસુને એક બાઉલ મળ્યો.

સેનઃ તમે શાસ્ત્રો કેમ રચતા નથી કે અનુસરતા નથી ?

બાઉલ : અમે થોડા શ્વાન છીએ કે કોઈનું એઠું ચાટીએ !

સેન : તમે આવનારી પેઢી માટે ઈતિહાસ કેમ લખતા નથી ?

બાઉલ : અમે સહજમાર્ગી છીએ. અમે રસ્તો ન બાંધીએ. ત્યાં જુઓ....

(દૂર કિનારા પર કાદવીઆ પાણીમાં કેટલાક નાવિકો બોટ ધકેલતા હતા.)

''નાવિકો તેની તુચ્છ જરૂરિયાત માટે ઢસરડો કરે છે. કાદવમાં લાંબા લિસોટા પાડે છે. સાચી સાધના ભક્તિની ઊછળતી નદીના પ્રવાહમાં ઓતપ્રોત થઈ જવામાં છે. તરતા રહેવામાં છે. તરવું એટલે સહજ થવું. સહજ થવું એટલે બાઉલ થવું. તરતી નાવ કોઈ નિશાન છોડતી નથી. નહીં સિદ્ધિ, નહીં શાસ્ત્ર, નહીં ઈતિહાસ.''

બંગલાદેશ અને પશ્ચિમ બંગાળમાં બાઉલ નામનો એક રહસ્યવાદી સંપ્રદાય છે. તે સંપ્રદાય કરતાં એક ચૈતન્ય છે, જીવન જીવવાનો એક માર્ગ છે. ગામે-ગામ પ્રેમ-મરમનાં ગીતો ગાતી રખડુ ટોળી, બાઉલ એટલે વાતોડિયો-પાગલ, તે ક્યારેક નામ તો ક્યારેક વિશેષણ તરીકે પ્રયોજાય છે. તેમનાં ગીતો સાંધ્ય-ભાષામાં હોય છે. તેમના પર અનેક સાધનાધારાઓનો પ્રભાવ છે; નાથો, સિદ્ધો, સહજીઆ, લોકાયતતંત્ર, દરવિશો વગેરે. તેઓ અનેકરંગી થીંગડાંવાળા વસ્ત્રો પહેરે છે. તેમની બેહાલ-સાધના અદ્‌ભુત હોય છે. જેમાં સાધક તેના ગુરુએ આપેલ વસ્ત્ર ઉપર દરરોજ એક થીંગડું મારે છે, તેવું લાગલગાટ બાર વરસ ચાલે છે. એક કાળમાં સ્વયં રવીન્દ્રનાથ ટાગોર નાટકોમાં બાઉલની ભૂમિકા ભજવતા. તેમના હસ્તાક્ષરમાં તેઓ 'રવીન્દ્ર બાઉલ' લખતા.

બાઉલ રખડતા રહસ્યવાદીઓ છે. તેઓ માને છે કે ચૈતન્ય 'અજ્ઞાત પંખી' છે. માનવ પિંજરામાં આવે છે, રહે છે, ઊડી જાય છે. તેમની યાત્રા અધર માનુષ, સોનાર માનુષ, સહજ માનુષ અને મનેર માનુષ (હૃદયકેન્દ્રી માણસ)ની હોય છે. તેઓ સ્થળ-સમય, સમાજ-સમજની બહાર વસે છે અને શ્વસે છે. શબ્દો, શાસ્ત્રો અને વ્યાખ્યાઓથી દૂર રહે છે. અનુમાનપંથી નથી, વર્તમાનપંથી છે. ક્ષણને જ સાંભળે અને અનુસરે છે.

* * *

*મંથરાની ઈર્ષા, કૈકેયીની જીભે ઝરતી આ હોળી,*
*અવધને સીમાડે સીતાજીને પગલે પ્રગટે તે દિવાળી.*

# આનંદ આપે એ ક્ષણ દિવાળી



પ્રત્યેક પ્રજાને પોતાનું નવું વર્ષ હોય છે અને એને ઊજવવાની નવી નોખી રીતો હોય છે. નાતાલમાં ક્રિસ્ટમસ ટ્રી નો મહિમા હોય છે. બાળકોને માટે સાન્તાક્લોઝ હોય છે. આપણે પરંપરાને નિભાવીએ છીએ ખરા, પણ પરંપરાના પોતને પૂર્ણપણે જાણતા નથી. દિવાળી એટલે વર્ષનો અંત અને દિવાળી પછીનો દિવસ એટલે નવા વર્ષનો આરંભ. એક રીતે જોઈએ તો દિવાળી આત્મનિરીક્ષણની વસ્તુ છે. ગયે વર્ષે આપણે કયા કયા મનોરથ કર્યા હતા અને ક્યાં ક્યાં કામ પાર પાડી શક્યા એનું સ્ટૉકટેકિંગ કરવું જોઈએ. આપણે કોને માટે કશુંક કરી શક્યા કે કોની જોડે ખરાબ રીતે વર્ત્યા એ પણ આપણે અંદરથી જાણવું જોઈએ અને જો આપણી ભૂલ થઈ હોય તો એને સુધારી લેવી જોઈએ. દિવાળીનો અર્થ તો એક જ છે કે જ્યાં અંધારું હોય ત્યાં દીવો કરો. માત્ર દીવો નહીં દીવાઓની હારમાળા કરો. દિવાળી શબ્દ દીપાવલિ પરથી આવ્યો. દીપાવલિ એટલે દીવાઓની હારમાળા.

આપણે ત્યાં એમ કહેવાય છે કે વનવાસ વેઠીને રામ અયોધ્યામાં આવ્યા ત્યારે નગરજનોએ ઘરે ઘરે દીવાઓ પ્રગટાવીને અજવાળાનો ઉત્સવ મનાવ્યો હતો અને આખું અયોધ્યા તેજનાં તોરણોથી સુશોભિત થઈ ગયું હતું. આપણા આયુષ્યની અયોધ્યામાં પણ આપણા રામનું ફરી પાછું આગમન થાય અને આપણી બધી જ ચિંતાઓ, આપણી એકલતાઓ, આપણો વિષાદ, આપણા પૂર્વગ્રહો, આપણો ક્રોધ - આ બધાનું પરિવર્તન થાય અને આપણે સુખ, શાંતિ અને ચેનથી રહીએ. આપણને અંદરથી કોઈ અછત ન લાગવી જોઈએ. મન ભરેલું અને સંતોષી હોય તો જીવનમાં જ્યાં જુઓ ત્યાં પ્રકાશ છે. જ્યાં અજવાળું છે ત્યાં હંમેશાં દિવાળી જ હોય છે.

દિવાળી દરેકની જુદી હોય શકે. મારી દિવાળી હું મારી રીતે ઊજવું છે. કોઈક કવિતા વાંચું. કાવ્યનો અનુવાદ કરું તો મને દિવાળી જેવું લાગે. દિવાળી મારે માટે કોઈ એક જ દિવસ નથી. પણ જે ક્ષણે મને આનંદ આવે એ દિવાળી છે. આપણે આપણા કેટલાયે અહંકારને ઊંચકીને ચાલતા હોઈએ, પણ જે ઘડીએ આપણે આપણા અહમ્‌થી મુક્તિ પામીએ ત્યારે મારે માટે દિવાળી છે. જીવનમાં બધું મળે છે પણ સમજદાર માણસો મળતા નથી. જે ક્ષણે આપણને કોઈ સમજદાર માણસ મળે; ભલે એ આપણી વાતને સ્વીકારે નહીં, પણ સમજે ત્યારે મને દિવાળી જેવું લાગી છે. આપણે અમુક પ્રકારના સાચા કે કલ્પિત ભયથી પીડાતા હોઈએ છીએ. ભયનું અંધારું આપણને ઘેરી વળ્યું હોય ત્યારે એમાંથી નિર્ભયતા તરફ ગતિ કરીએ એ બીજું કશું જ નથી પણ દિવાળી જ છે.

મોટા ભાગના માણસો જીવનમાં આળસુ અને એદીની જેમ પડ્યા હોય છે. એમને કશું કરવાનું સૂઝતું નથી. જે માણસ કાર્યશીલ રહે એને દિવાળી ઊજવવાનો અધિકાર છે. જે માણસ જીવનમાંથી રસ ગુમાવી બેસે છે અને નીરસ થઈને ફરે છે, બીજા માણસમાં રસ લેતો નથી, સ્વાર્થી અને એકલપેટો થાય છે એ માણસ, ભલે એના ડ્રૉઈંગરૂમમાં હજારો ઝુમ્મરો લટકતાં હોય તોપણ અંદરથી તો એના મનમાં અંધારું જ હોય છે. જે માણસ પોતા માટે કમાય છે એ ધન છે પણ જ્યારે એને સમજાય છે કે મારું ધન હું બીજામાં વહેંચું ત્યારે એ લક્ષ્મી થાય છે. ત્યારે એના ધનની સદ્‌ગતિ થાય છે. હું તો માનું છું કે સમજણપૂર્વકની સમાજસેવામાં ધનતેરસ, દિવાળી અને નવા વર્ષના તમામ સંકલ્પો સદાયને માટે સમાઈ જાય છે.

* * *

*કપટની કૂખમાં પ્રહ્લાદને ઢાંકવા, સ્વેચ્છાએ સળગે તે હોળી,*
*પ્રેમનો દીવડો માનવના હૈયામાં, રામ થઈ પ્રગટે તે દિવાળી.*

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## ભાંડૂપના સમાચાર

**ભાંડુપમાં નવકાર મંત્રના ૩૭મો મણકો સંપન્ન :** શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ભાંડુપ અને અન્ય સંઘોના માધ્યમે શ્રી જયંત રાહીના નેતૃત્વ હેઠળ નવકાર મંત્રનો ૩૭મો મણકો રણકા સાથે સંપન્ન રહ્યો.

જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા સભાગૃહમાં આ અંતીમ મણકા સુધી શ્રી ફાઈવ સ્ટાર્સ નિશુલ્ક કેટરીંગ આપ્યું. હવેના મણકા ''મેવાડ હોલ''માં ગૂજંશે.

**મહાકાલીમાં ની આરાધના :** અનંત મિત્ર મંડળના માધ્યમે આસો માસની નવરાત્રીના અગીયાર દિવસ સદાબહાર રહ્યા પંચાવન પરિવારોએ નિત્ય નવા શણગારે આરતીઓ રચી અને ઉતારી.

પાવાગઢ યાત્રાના શ્રી હીરાબેન મેઘજી સોની ભાગ્યશાળી રહ્યા. દશેરાના દિવસે ફાઈવ સ્ટાર કેટરીંગે ૧૬૨ જણના ચૌવિહારનો લાભ લીધો.

**આસો માસની શાશ્વતી ઓળી :** પ.પૂ. સા. શ્રી અનંતકિરણાશ્રીજી મ.સા.ની ચૈતન્યશીલ નિશ્રામાં આસો માસની આંયબીલ ઓળીની આનંદે આરાધાઈ.

ગુરૂદેવે શ્રીપાળ મયણાંના રાશની સવિશેષ સમજ આપી.

સંપૂર્ણ ઓળીનો લાભ મા. પુષ્પાબેન દામજી લોડાયાએ અ.સૌ. ડીમ્પલ મનોજની નવપદની નવ ઓળીની સુખદ પૂર્ણાહુતિએ નિમિત્તે કરાવી.

**મંડપ ભક્તિ :** ડુમરાના મુલુન્ડ રહેતા ક.વી.ઓ. જ્ઞાતિજન શ્રી પદમશીભાઈ સાડા ચાર મહિના આદિનાથ જિનાલયના પરિસરમાં રોજના રૂા. ભાડાના લગભગ આઠ હજાર લાગે તેવો મંડપ તદન મફતમાં બાંધી આપ્યો તેઓ છેલ્લા ૬-૭ વરસથી બાંધી આપી છે.

## શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ

પ.પૂ. ગણિવર્ય શ્રી કવિન્દ્રસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં વડાલા ના આંગણે પ.પૂ. અચલગચ્છાધિપતિ શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૨૮મી પૂણ્યતિથી પ્રસંગે સમગ્ર મુંબઈ ભરના અઠ્ઠમ તપના તપસ્વિઓના પારણાં તા. ૩-૧૦-૨૦૧૬ના સુંદર રીતે પાર પડ્યા. તપસ્વિઓ સહીત અંદાજે ૧૭૦૦ શ્રાવક શ્રાવિકાઓ આ સાધર્મિક ભક્તિનો લાભ આપ્યો.

## શ્રી કાંજૂરમાર્ગ સમાચાર

પર્યુષણ પર્વની ઉજવણી શ્રી કાંજૂરમાર્ગ ક.દ.ઓ. જૈન સંઘમાં પર્યુષણ દરમ્યાન ૮ દિવસ રોજ સવારના રાઈ પ્રતિક્રમણ, ભક્તામર, પ્રભુજીની પુજા સાંજના પ્રતિક્રમણ અના રાતના ભક્તિ ભાવના કરવામાં આવેલ. સમુહ ક્ષમાપના કાર્યક્રમના લાભાર્થી પરિવાર માતુશ્રી નિર્મલાબેન શીવજી મોમાયા તથા માતુશ્રી મીઠીબાઈ સોમચંદ દંડ ગામ વરાડીયા. જીવદયાના ફાળામાંથી વર્ષ દરમ્યાન કબૂતરોને ચણ આપવામાં આવે છે.

તા. ૧૮-૯-૨૦૧૬ના સંઘ તરફથી સ્વામી વાત્સલ્ય જમણ રાખવામાં આવેલ. ૧૯૦ જણની હાજરી હતી.

**ચૈત્ય પરિપાટી :** શ્રી કાંજૂરમાર્ગ સંઘ દ્વારા તા. ૨૫-૯-૨૦૧૬ના ચૈત્ય પરીપાટીનું આયોજન થયું તેમાં ૬૦ જણ સહભાગી થયા હતા. મુલુન્ડના વાસુપૂજ્ય જિનાલય, તલેગાવ શ્રી શંખેશ્વરધામ (કળશ મંદિર), ભક્તામર તીર્થ તથા કાત્રજ પુના આદિ સ્થળોએ દર્શન વંદનનો લાભ લીધેલ. બપોરના જમણના લાભાર્થી પરિવાર શ્રી સમીર શામજી દંડ (મુલુંડ) બપોરનો ચા-નાસ્તો માતુશ્રી હંસાબેન લાલજી લોડાયા અને સાંજના ચૌવિહારના લાભાર્થી પરિવાર માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા (મોટી ખાવડી).

**નવરાત્રી ઉત્સવ :** અનંતનાથજી કોમ્પલેક્સ


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574
દિવાળી સુધી રવિવારે પણ ચાલુ

કાંજૂરમાર્ગ ખાતે આસો માસની નવરાત્રી દરમ્યાન દરરોજ રાત્રે મહાકાલી માતાજીની ભાવના ભણાવવામાં આવી હતી તથા ગરબા, દાંડીયા રાસની રમઝટ જામી હતી. ભાવિકોએ સારી સંખ્યામાં લાભ લીધો.

**આસોની આયંબીલ ઓળી :** અનંતનાથજી મહિલા મંડળ દ્વારા આસો માસની શાશ્વતી આયંબીલની ઓળી કરાવવામાં આવી હતી. પુષ્પાબેન પદમશી સાયલા (મુલુંડ), સ્વ. રાયશી રતનશી મોમાયા (કાંજૂરમાર્ગ), માતુશ્રી લક્ષ્મીબેન ટોકરશી લાલકા (ઘાટકોપર), શા. હંસકુમાર હીરાચંદ દૌલત (પરેલ), શા. કાન્તીલાલ જવેરચંદ દૌલત (કાંજુરમાર્ગ), સ્વ. ધનજી પાશ્વીર મૈશેરી (ઘાટકોપર), શા. કલ્યાણજી માણેકજી લોડાયા (ઘાટકોપર), શા. દીલીપ દામજી લોડાયા (કાંજૂરમાર્ગ), માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી (મુલુંડ) આદિએ લાભ લીધો હતો.

### નલીયામાં પર્યુષણ ઉજવણી

પ.પૂ. મૂ. પૂણ્યોદયસાગરજી મ.સા. પ.પૂ.મૂ. અનંતરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં શ્રી ચંદ્રપ્રભુજી જિનાલયે મધ્યે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલીયા અને શ્રી નલીયા અચલગચ્છ સંઘ દ્વારા પર્યુષણ પર્વની ઉજવણી ભાવપૂર્વક થયેલ. ધર્મ આરાધના ૮ દિવસ રોજ સવારના ભક્તામર રાઈ પ્રતિક્રમણ પ્રભુજીની પૂજા વ્યાખ્યાન બપોરના પુજા સાંજના પ્રતિક્રમણ ધાર્મિક ચર્ચા ભક્તિ ભાવના કરવામાં આવેલ.

પ્રભુજીના વરઘોડા સારી સંખ્યા ભાવિકો ઉપસ્થિત થયા હતા તથા ઉછામણી તથા તપસ્યા સારી રીતે થઈ હતી. ટોટલ ઘૃતમણ ૧,૧૦,૦૦૦ મણ થયેલ.

આસો મહિનાની ઓળી સારી રીતે થઈ તેના દાતાશ્રી માતુશ્રી દેવકાબેન શીવજી લખમશી નાગડા, નલીયા-મુંબઈ હ. લહેરચંદભાઈ હતા.

તપસ્વીઓના નામ : રાજલબેન રમેશ મોતા - ૧૬ ઉપવાસ, મનિષાબેન મહેશ નાગડા - ૯ ઉપવાસ, ખશ્બુ જગદિશ છેડા - ૮ ઉપવાસ.

### રાકેશ પ્રફુલ દેવજી ખોનાની દીક્ષા

સાંધવ ગામના મુમુક્ષુ રાકેશ પ્રફુલ દેવજી ખોનાની દીક્ષા પ.પૂ. કીર્તીસૂરીશ્વરજી મ.સા.ની શુભ નિશ્રામાં તા. ૧૦-૧૨-૨૦૧૬ના સમ્મેત શિખર મહાતિર્થમાં યોજાશે. દિક્ષાનો વરસીદાનનો વરઘોડો સાંધવગામે તા. ૨૬-૧૧-૨૦૧૬ શનિવારના સવારના ૮.૩૦ કલાકે દીક્ષાર્થીઓની સાથે રાખવામાં આવેલ છે.

હેતલબેનની દીક્ષા મહોત્સવ તા. ૨૭-૧૧ને છે. તા. ૨૫/૨૬/૨૭ નવેમ્બરના મહોત્સવ ઉજવાશે.

૩૦૦થી વધારે ટીકીટો આવી ગયેલ છે.

### બાયઠ ગામમાં પર્યુષણ પર્વ આરાધના

બાયઠ મધ્યે પ.પૂ.સા. હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આધિઠાણાની નિશ્રામાં પર્યુષણ પર્વની ભાવપૂર્વક આરાધના અને ઉછળતા ભાવે તપ તપસ્યાઓ અને ઉછામણીઓ થયેલ. કલ્પસૂત્ર પધરાવવાને લાભ ઘૃત ૧૭૦૧૭ મણમાં માતુશ્રી સોનબાઈ મેઘજી હીરજી ગોસર પરિવારે લીધેલ. પૂજ્યશ્રીને કલ્પસુત્ર વહોશવવાનું લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ તેજસી છેડા અને માતુશ્રી રતનબાઈ વેલજી આણંદજી પોલડીયા પરિવારે રૂા. ૨૭૭૧૭ માં લીધેલ. પૂજ્યશ્રીને બારસાસુત્ર વહોશવવાનો લાભ માતુશ્રી નિર્મલાબેન રતીલાલ આણંદજી નાગડા પરિવારે રૂા. ૧૭૦૧૭માં લીધેલ. પ્રભુજીનું પારણું ઝુલાવવાનો લાભ માતુશ્રી લક્ષ્મીબેન તેજસી માડણ છેડા પરિવારે ૩૦૦૧ મણમાં લીધેલ. પ્રભુજીનું પારણું ઘર પધરાવવાનો લાભ અ.સૌ. ટીનાબેન રાજેન્દ્ર વેલજી પોલડીયા જલગામવાળા પરિવારે ૧૦૦૧ મણમાં લીધેલ.

સ્વજનનું કુલ ઘૃત ૨૨૬૮૩૭ મણ થયેલ ચાતુર્માસ પ્રવેશથી પર્યુષણ પર્વ સુધી કુલ ઘૃત ૪૩૨૯૫૯ મણ થયેલ. પર્યુષણ પર્વના આઠે આઠ દિવસ સાધર્મિક ભક્તિનો લાભ બાયઠ વાસીઓ તથા નિયાણી બહેનોએ લીધેલ. ભારદવા સુદ ૭ના ચૈત્ય પરિપાટીનો લાભ માતુશ્રી ગોરબાઈ માંયાબાઈ ધુલ્લા પરિવારે લીધેલ. પર્વના આઠે આઠ દિવસ સંગીતકાર રાકેશ વોરા તથા સાથી કલાકારો અને ધારિણીબેન પ્રતાપ મોતાએ રાત્રી ભાવનામાં પ્રભુ ભક્તિના સ્તવનોથી સંગીતમય વાતાવરણમાં જબરજસ્ત રમઝટ બોલાવી ભાવનાઓ ભણાવેલ. પર્વ દરમ્યાન ૧૧ ઉપવાસ, ૧૦ ઉપવાસ, ૯ ઉપવાસ એક એક જણાએ કરેલ. આઠ ઉપવાસ ૭ જણાએ કરેલ.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – સુરત

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સુરત દ્વારા રવિવાર, તા. ૧૮-૯-૨૦૧૬ના હોટલ એમ્બેસીમાં રાખેલ સ્નેહ મીલન પ્રોગ્રામમાં પ્રથમ રમત ગમત બાદ તપસ્વીઓનું બહુમાન ત્યારબાદ વિદ્યાર્થી બહુમાન કરેલ પછી નવી વ્યવસ્થાપક કમીટીની નિમણુંક કરેલ તેમાં પ્રમુખશ્રી ગુલાબચંદભાઈ છેડા, ઉપપ્રમુખશ્રી જીગરભાઈ છેડા, મંત્રીશ્રી નીલેશભાઈ ખોના, સહમંત્રીથી ડોલરભાઈ છેડા, ખજાનચી શ્રી પિયુશભાઈ મોતા, સહખજાનચી શ્રી પરેશભાઈ ખોના અને અન્ય કારોબારીના સભ્યોની નિમણુંક કરેલ. અંદાજે ૯૦ સભ્યોની હાજરી હતા.

સુરત મહાજને રવિવાર, તા. ૦૯-૧૦-૨૦૧૬ના મહાજનશ્રી ના નેજા હેઠળ પ.પૂ.સાદવીવર્યા શ્રી દેવરક્ષીતાશ્રીજી મહાજન સાહેબ એમ.એ.એમ.ફીલ, પી.એચ.ડી. તથા પ.પૂ.સાધ્વી વર્યાશ્રીના ચૈતન્ય રક્ષીતાશ્રીજી મહારાજ સાહેબની નિશ્રામાં સંગીતના સથવારે બપોરના શ્રી મહાકાલી માતાજીની ભાવના રાખેલ બહેનાએ સુંદર રાસ-ગરબાની પણ જમાંવટ જમાવેલ. અંદાજે ૨૨૫ ભાવિકોની હાજરી રહેલ. રાખેલ સંપુર્ણ પ્રોગ્રામના લાભાર્થી માતુશ્રી લક્ષ્મીબેન વીસનજી છેડા તથા માતુશ્રી કુંવરબેન હીરજી છેડા પરિવાર રહેલ.

સુરત મહાજને રવિવાર, તા. ૧૬-૧૦-૨૦૧૬ના રાતના ૭થી ૧૧ વાગ્યા સુધી સુરતનો મુખ્ય ચંદી પડવાના તહેવારની ઉજવણી શ્રી સુનીલભાઈ ખોનાના નિવાસ સ્થાને રાખેલ. ભાઈ-બહેનો તથા બાળકોએ ઉત્સાહપૂર્વક સાથે મળી. રાસ-ગરબા, દાંડીયા-રાસ તથા સનેડાની મજા માણેલ સહભાગી થયા હતા.

## ૧૦મી પુણ્યતિથિએ સ્મૃતિવંદના

જન્મ (બાંઢીયા)
આષાઢ વદિ ૬
સં.૧૯૯૬
દીક્ષા (પાલીતાણા)
મહા સુદ ૫ સં.૨૦૧૬



સ્વર્ગારોહણ (ભૂજ)
આસો વદિ ૧૨
સં. ૨૦૬૨

**શાસન પ્રભાવિકા ગુરૂવર્યા પૂ.સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**

વાત્સલ્યથી છલકાતા... ભક્તિભાવથી ભરપુર...
સ્વાધ્યાયમાં લયલીન... કર્તવ્ય પાલનમાં કઠોર...
સંયમ સાધનામાં અડગ... સરળતા... સહજતા... અને સમતા...
ના ત્રિવેણી સંગમ ઉપર સુશોભિત જીવન જ જેમનું તીર્થસ્વરૂપ હતું એવા
શાસન પ્રભાવિકા પ.પૂ.સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની
છઠ્ઠી સ્વર્ગારોહણ તિથી પ્રસંગે ચરણકમળમાં કોટિ કોટિ વંદના....
આપની અમીદૃષ્ટિ અને કૃપાવૃષ્ટિ
અમારા ઉપર સતત વરસતી રહે એજ અભિલાષા.

-: શ્રધ્ધાસુમન :-

**સા. ગુણલક્ષ્મીશ્રીજી, સા. જયધર્માશ્રીજી**
**સા. જયદર્શિતાશ્રીજી, સા. હિમાંશુશ્રીજી તથા**
**શ્રીમાન હિરાચંદ અરજણ પટેલ પરિવાર**
(બાંઢિયા-ઐરોલી)

## સાંધવ ગામે પર્યુષણ આરાધના

ઈશાભાઈ હિંગોરા, સુલેમાન હિંગોરા, રઘુભા જાડેજા, હુસેન હિંગોરા, દશરથ જાડેજા, સારી એવી વિવિધ સેવા બદલ ખુબ ખુબ અનુમોદના. પૂજા ભણાવવા વિધિકાર કેવેલભાઈ સાવલા (ભુજ), પર્વ દરમ્યાન આઠ દિવસ સંગીત ની રમઝટ જમાવનાર નિકેશભાઈ ગડા એન્ડ પાર્ટી અને રઘુભા જાડેજા તથા ધારિણી મોતા એ એક દિવસ લાભ આપેલ. સાંધવ ચાતુર્માસ આરાધના કરી રહેલ આરાધકોને રવિવાર તા. ૧૦/૯/૨૦૧૬ તેરા, નલિયા, જસાપર, સુથરી ડુમરા નરેડી, કોટડા, રોહા, મકડાં, દેવપર, અરનાથ તીર્થ, ભદ્રેશ્વર તીર્થ, ૭૨ જિનાલય, કોડાય રોડ, મેરાવા, ગોધરા, બાયઠ, દેઢિયા તીર્થનો લાભ લીધેલ, શ્રી ઠાકરશી લાલજી પટેલ પરિવારે લીધેલ, સાંધવથી પાલીતાણા – શંખેશ્વર બસ દ્વારા ૫૫ જણની સંખ્યામાં યાત્રિકો યાત્રા કરવા ગયેલ. તા. ૧૫/૯/૨૦૧૬ થી ૧૭/૯/૨૦૧૬ પાલીતાણા તીર્થ પ.પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગર સુરીશ્વરજી મ.સા. ને વંદન કરવા તથા દીક્ષાર્થી નું શુભ મુહૂર્ત લેવા સાંધવ સંઘ ગયેલ. પાલીતાણા યાત્રા કરી અયોધ્યા પુરમ ત્યાંથી શંખેશ્વર તીર્થ રાધનપુર, કટારીયા, આદેસર, સામખીયારી તીર્થ ના દર્શન કરી સાંધવ આગમન. યાત્રા કરાવનાર દાતાશ્રી ૧. શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા (ઘાટકોપર), ૨. શેઠશ્રી શામજી નરશી દંડ (મુલુન્ડ), ૩. માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા (મુલુન્ડ), ૪. શેઠશ્રી ઠાકરશી લાલજી પટેલ (મુલુન્ડ), ૫. પ્રકાશ માણેકજી લોડાયા (થાણા)એ લાભ લીધેલ. શ્રી જયેશ જૈનના અઠ્ઠાઈ તપ નિમિત્તે દીક્ષાર્થી બહેન કુ. હેતલ લહેરચંદ ગાલાએ તેમના માતાજીને સમેત શિખરજી યાત્રા કરાવવાનો લાભ લીધેલ.

લિ. **પ્રવીણ મોતા,** સાંધવ – ડોંબિવલી

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા :**

**વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. કાર્યક્રમમાં નવકાર મંત્ર પઠન થયું, કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો આહાર લીધો કયા મહાનુભાવો પધાર્યાએવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ડૉ. ઈલા વેરશી મૈશેરી** | ૫૦૧ સિધ્ધેશ્વર બિલ્ડીંગ, ૫ટી ગલી, ઑફ પુરવ રોડ, ચૂનાભટ્ટી (ઈસ્ટ), |
| (PS 42) | મુંબઈ - ૪૦૦ ૦૨૨. |
| **શાંતિલાલ કેશવજી ડાઘા** | ૯૦૪, જય અંબે કો.હા.સો., પટેલ ચોક, જાધવ ગાર્ડન પાસે, |
| (PS 978) | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો.: ૯૩૨૨૯ ૬૬૮૦૨ |
| **શ્રીમતી લક્ષ્મીબાઈ વિજય લોડાયા** | રૂમ નં. ૩૯૫૭, બિલ્ડીંગ નં. ૧૪૫, સરસ્વતી કો.હા.સો., |
| (PS 783) | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો.: ૯૨૨૪૧ ૭૫૧૧૫ |
| **રાજેન્દ્ર મુલચન્દ ધુલ્લા** | એ/૬૨૪, અનંત રીજેન્સી, એમ.એમ.એમ. રોડ, એમટીએનલની સામે, |
| (PS 2037) | મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: ૯૩૨૩૯ ૮૪૨૨૧ / ૨૫૯૨ ૮૨૨૧ |
| **ચાંપશી ખીમજી શાહ (ગાલા)** | ૬૦૩, AMIS વૃંદાવન કો.હા.સો., બી.પી.એસ. ક્રોસ રોડ નં. ૪, |
| (PS 7289) | દેવીદયાલ ગાર્ડન પાસે, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: ૯૮૨૦૭ ૦૯૪૨૦ |
| **રિતેશ જીતેન્દ્ર લોડાયા** | એ-૫, અસ્મિતા બિલ્ડીંગ, નવ ભારત કો.હા.સો., તાંબે નગર, |
| (PS 3235) | એસ. એન. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: ૯૮૧૯૯ ૬૧૮૦૩ |
| **દિલીપ દામજી લોડાયા** | ૪૦૧, હેમા એપાર્ટમેન્ટ, નિતિન કંપનીની સામે, સંભાજી નગર, |
| (PS 2465) | થાણે (વેસ્ટ) - ૪૦૦ ૬૦૪. મો.: ૯૩૨૩૪ ૧૮૬૬૬ |
| **દેવેશ હીરાચંદ નાગડા** | સી/૨૦૩, લોટસ બિલ્ડીંગ, AND Complex, અગાસન ફાટક પાસે, |
| (PS 7288) | અગાસન-દીવા, થાણે - ૪૦૦ ૬૧૨. મો.: ૯૮૨૦૮ ૮૨૫૭૫ |
| **વિરચંદ નેણશી ધરમશી** | મનશ્રી સોસાયટી, બ્લૉક ૧, ૨૧ ફાતિમા નગર, જૈન મંદિરની સામે, |
| (PS 6391) | પુણે - ૪૧૧ ૦૧૩. |
| **નરશી રાયશી પીર (લોડાયા)** | દુર્ગા માતા ભુવન હૉટેલ, દિગ્રસ, અકોલા - ૪૪૪ ૫૦૧. |
| (PS 7092) | મો.: ૯૮૮૧૧ ૬૮૮૬૧ |

### મોટી વયે પણ વેશભુષા સ્પર્ધામાં ધ્વજા

સુશીલા નવિનચંદ્ર ધરમશી, ઉમર ૭૪ વર્ષ ગામ મોટી ખાવડી, હાલ વડાલા મુંબઈને શરદ પૂનમના વડાલા આઝાદ નગરના નવરાત્રી ચોકમાં યોજાયેલ વેશભૂષા હરીફાઈમાં રૂા. ૨૫૦૦/- ની વસ્તુનું ૧લું ઇનામ મળેલ છે.

### Training for Bank Probationary Officers Exam

JATF (JITO Administrative Training Foundation) provides free training/coaching including hostel facilities for stay to Jain Graduates & young professionals to prepare for Bank PO Exams to become Probationary Officers., For details visit: www.jitoatf.org, For online registration: www.jatfadmission.org, Last date to register online: 15 Nov 2016, BEAT Entrance Exam on 27 Nov.2016, Contact : Mr Manish Jain. 011-69000081-83



**અચલગચ્છના ઉપપ્રમુખ અને માનદમંત્રી પદે જ્ઞાતિ આગેવાનો**



**શ્રી ચિમનભાઈ મેઘજી મોતા**
વારાપધર - મુલુંડ **(ઉપપ્રમુખ)**

**શ્રી પ્રવિણ ટોકરશી લોડાયા**
કોઠારા-ડોંબીવલી **(માનદ્‌મંત્રી)**


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટિસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


વિક્રમ સંવત ૨૦૭૨ની દીવાળી અને વિક્રમ સંવત ૨૦૭૩ના નવા વર્ષની ભાવભરી શુભકામના...

– ચીમન મોતા *તન-મન પરિવાર*


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૮-૧૬ | મુલુંડ | વ્યોમ, ફોરમ પ્રતીક લોડાયા | આરીખાણા | પુત્ર |
| ૨૮-૦૮-૧૬ | ભુજ | ક્રિશા, વિશાખા પાર્થ સાયા | સુજાપુર | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૧૦-૧૬ | ડોમ્બીવલી | આકાશ દેવેન્દ્ર હીરજી ધરમશી | તેરા | ૨૬ |
| | હૈદ્રાબાદ | રશ્મી નીતીન ભીખુભાઈ લોડાયા | સાંધવ | ૨૪ |
| ૧૮-૧૦-૧૬ | ભાંડુપ | ચિરાગ મણીલાલ જેઠાભાઈ દંડ | મંજલ રેલડીયા | ૨૮ |
| | ભિવંડી | ભાવિકા ગુલાબ નારાયણજી લોડાયા | સાંધવ | ૨૬ |

### અંતરજ્ઞાતિય સગપણ (ભુલ સુધાર)

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૧૦-૧૬ | મુલુંડ | નિશાંત ધનરાજ દેવશી ખોના | નલિયા | ૨૭ |
| | મુલુંડ | નૈની તુષાર લક્ષ્મીચંદ ગાલા | છસરા | ૨૫ |

### છૂટાછેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૧૦-૧૬ | કાંજુરમાર્ગ | યતિન ભરત શામજી છેડા | નલીયા | ૩૦ |
| | વિક્રોલી | નિશા વિજય દગડુ ખરાત | વિક્રોલી | ૨૪ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૧૦-૧૬ | મુંબઈ | કાન્તીલાલ હિરજી ભારમલ નાગડા | નલીયા | ૮૩ |
| ૨૦-૧૦-૧૬ | હુબલી | કેશવજી દેવજી ઝવેરી | જખૌ | ૬૨ |

## પ્રતિબિંબોનું મિલન (અનુસંધાન પાના નં. ૨૦ થી ચાલુ)

કાલિદાસ કે ટાગોર ન હોત તો આ જીવન કેટલું શુષ્ક લાગે. ટાગોરનું કોઈ પણ ગીત વાંચીએ મન પ્રફુલ્લિત થઈ જાય. ટાગોરને જાણે કે પ્રત્યેક પ્રભાતે પારિજાત જેવાં ગીત ફૂટે છે. એક ઠેકાણે કહે છે કે હે ઈશ્વર, હું તમને સવારના સોનેરી ગાલીચા પર બિરાજેલા જોઉં છું. પરમેશ્વરની આ કલ્પના જ કેટલી અદ્‌ભુત છે. પરમેશ્વરે મુગટ સૂરજનો પહેર્યો છે. એનાં ચરણમાં સિતારાઓ ખરતા હોય છે અને આવા પરમેશ્વરનું લોકો પૂજન કરે છે. એ પૂજન સાચા અર્થમાં ભક્તિ બને પણ ક્રિયાકાંડ ન બને એનું લોકોએ ધ્યાન રાખવું જોઈએ. ભગવાનને મોટેમોટેથી બરાડા પાડીને બોલાવવાથી ભગવાન આવતો નથી. જે વાણીનો સ્વામી કવિ છે એ તો સવારના પહોરમાં પરમેશ્વરનું મૌનથી સ્વાગત કરે છે. જ્યારે કબીર કહે છે કે ભગવાન તો કીડીએ પગમાં પહેરેલાં નૂપુરને પણ સાંભળી શકે છે તો તું મોટેમોટેથી બાંગ શું કામ પોકારે છે? આપણો ભગવાન કંઈ બહેરો નથી. ઈશ્વર છેવટે તો અંતર્યામી છે. ટાગોર ઈશ્વરને પ્રાર્થનામાં કહેતા કે, હે ઈશ્વર, તમે મારા હૃદયને વિકસિત કરો. હૃદય જો વિકાસ પામે તો જ એમાંથી સંકુચિતતા ખરી જાય. નિર્મળતા પ્રગટે. જાગૃતિનો ઝંકાર થાય અને એ જાગૃતિનો ઝંકાર બીજા કોઈના કાન સાંભળે કે ન સાંભળે પણ ભક્તહૃદયના કાન તો અવશ્ય સાંભળે.

* * *

|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી મોમાઈ માતાય નમઃ ||
**આદિશક્તિ ટ્રેવ્હલ્સ** ઘરના સભ્ય જેવા ડ્રાયવરો
**ગાંધીધામ - કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર**
**ટાટા ઈંડીગો/સ્વીફ્ટ ડીઝાઈર/શૅરોલેટ તવેરા**
સંપર્કઃ **શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ (દંડ)**, બાયઠવાળા
**099798 55686**

**દિવાળી અને નુતન વર્ષની શુભકામના**
**શ્રી અરિહંત ખાખરા**
**ઑર્ડરથી વિવિધ પ્રકારના ખાખરા તેમજ ચેંબુર દેરાસરની મિઠાઈઓ અને ફરસાણ હોમ ડિલેવરી મળશે. મો. 09920089346/09930823619**

# મૈશરી + પોલડીયા પરિવારનું ગૌરવ



ચિ.ગીરા જયેશ મૈશરી
(August - 1993)
C.S., T.Y.L.L.B. & B.M.S.
(CGPA 7.00, Outstanding 'O'Grade)

દેવગુરૂ અને વડીલોના
અશીર્વાદથી

## ચિ. ગીરા અને ચિ. ભવ્ય

શૈક્ષણીક ક્ષેત્રે ઝળહળતી સફળતા મેળવી ઉર્તીણ
થવા બદલ અભિનંદન. જીવનના સફર માં વધુ ને વધુ
ઉચ્ચ લક્ષ્યો સિધ્ધ કરે એવા અંતરના આશીર્વાદ



ચિ. ભવ્ય જયેશ મૈશરી
SSC -90 %

માતુશ્રી ધનલક્ષ્મીબેન કાનજી મૈશેરી (જાલના - જખૌ) દાદાણાં
શ્રીમતી મમતાબેન જયેશ મૈશેરી (જાલના - જખૌ) માતા-પિતા
શ્રીમતી રીટાબેન રાજેન્દ્ર લોડાયા (ડોંબીવલી - મોટીખાવડી) ફઈ-ફુઆ
શ્રીમતી ગીતાબેન સતીશ લુઠીયા (ગદગ - નાનીખાવડી) ફઈ-ફુઆ
શ્રીમતી દક્ષાબેન સુધીર સોની (ગદગ - વાંકુ) ફઈ-ફુઆ

માતુશ્રી સ્વ. નિર્મલાબેન ચન્દ્રકાંત પોલડીયા (ખંડવા-ડુમરા) નાનાણાં
માતુશ્રી સ્વ. જ્યોત્સનાબેન તારાચંદ પોલડીયા (બુહરાનપુર-ડુમરા) નાનાણાં
શ્રીમતી રશમીબેન કમલેશ પોલડીયા (ખંડવા-ડુમરા) મામી-મામા
શ્રીમતી ભાવનાબેન ગોપાલ કશ્યપ (ખંડવા) માસી-માસા
શ્રીમતી નમ્રતાબેન નિલેશ લોડાયા (આકોલા-વારાપધર) માસી-માસા

ભાઈ-ભાભી, બેન-બનેવી

શ્રીમતી શિખા મીત લુઠીયા (બેંગલોર) ★ શ્રીમતી દિવ્યા ધર્મેશ મુનવર, પહેલ (ઘાટકોપર) ★ શ્રીમતી શ્રુતી તેજશ લોડાયા (નવી મુંબઈ)
દીપ રાજેન્દ્ર લોડાયા, અભીમન્યુ, વૈભવ, ધવલ, દેવ, રૌનક

★ Shri Jayesh Kanji Meisheri - 94222 05805 ★

JYOTI GRAPHICS, GDG. 9448422072

## બાળકો માટેની હૃદયની એક એવી હોસ્પિટલ કે જ્યાં કેશ કાઉન્ટર જ નથી..!!!

આ વાત છે છતીસગઢના નવા રાયપુરમાં આવેલી સાઈ ચાઈલ્ડ હાર્ટ સુપર સ્પેશીયાલીટી હોસ્પિટલ. દિલ જેવા આકારની આ હોસ્પિટલનું દિલ આકાર કરતા પણ ખુબ જ મોટું છે.



ઘણી હોસ્પિટલમાં મફત ઈલાજ થાય છે પણ થોડા ઘણા પૈસા લેવાય છે. મિત્રો તમે વિચાર તો કરો કે આ હોસ્પિટલમાં તો કેશ કાઉન્ટર જ નથી બનાવવામાં આવ્યું....!!!

બાળકો માટેની આ હોસ્પિટલમાં મફત સારવાર કરાય છે જેનો ચાર્જ ખાનગી હોસ્પિટલમાં ૩ થી ૧૦ લાખ સુધી થાય છે !!! અહીં દેશના અલગ અલગ રાજ્યો સિવાય નેપાળ, નાઈજીરીયા, પાકિસ્તાન અને બાંગલાદેશ થી પણ દર્દીઓ આવે છે.

ઈલાજ તો મફત થાય છે પણ એ ઉપરાંત તેની સાથે આવેલા કોઈપણ એક જણને રહેવા ખાવાનું બધું જ મફત અપાય છે.

દરરોજના ૨ ઓપરેશન અહી થાય છે.... હોસ્પિટલની ક્ષમતા ૪૦ બેડની છે... પરંતુ હોસ્પિટલનું મેનેજમેન્ટ પણ એટલું જબરદસ્ત છે કે અહીં હાલમાં પણ કોઈ વેઈટીંગ નથી... ૩ વર્ષના સમયગાળામાં ૭૭૬ બાળકોના સફળ ઓપરેશન થઈ ચુક્યા છે.....

સરનામું : શ્રી સત્યસાઈ સંજીવની હૉસ્પિટલ,
સેક્ટર ૨, નયા રાયપુર, છત્તીસગઢ.
સંપર્ક : +91 7712970325 / +91 9424207140
ઈમેલ : sanjeevanireport@gmail.com
રજુઆત : મહેશ કાંતિલાલ ભવાનજી મોતા
જલગામ - કુઆપધર

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (24-10-16)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# માત્ર પોતાના જ નહીં ચહેરા પર ખુશી લાવવા મળી છે જિંદગી
# જીવીએ એ રીતે કે કુદરત પણ વધાવે આપણી પસંદગી




જન્મદિન નિમિત્તે કેક કપાઈ



વૃધ્ધના ચહેરા પરનું હાસ્યએ જન્મદિનની ખરી શુભેચ્છા



રોટરીના સભ્યો સાથે

જ્ઞાતિના અગ્રણી અને શ્રી અનંતનાથ જિનાલયના તેમજ સમસ્ત મહાજનના ટ્રસ્ટી **શ્રી બીપીન પાશ્વીર નાગડા** એ તા. ૯/૧૦/૧૯૬૦ના પોતાનો ૫૬મો જન્મદિવસ વિશિષ્ટ રીતેશ્રી માતોશ્રી વૃધ્ધાશ્રમ, ખડવલી, તા. ભીવંડી - રોટરી ક્લબ ઓફ ભીવંડીના મેંબરો ઘણોજ રંગા-રંગ રીતે કેક, ગીત, શાયરી, ડાંસ, મનગમતા નાસ્તા, આઈસ્ક્રીમ તેમજ ગીફ્ટ આપીજે વૃધ્ધાશ્રમવાસીઓના જીવનમાં ખુશી લાવીને મનાવ્યો.



Everything in Insurance
(Life/Pension/General/Fire)
An ISO 9001 : 2008 certified company

ISO 9001:2008 Insurance Services CERTIFIED COMPANY You're safe in our hands. SINCE 1977

MEMBER CHAIRMAN CLUB FOR AGENTS

**BIPIN NAGDA**
India's Leading Insurance Agent, Since 40 years

Bipin Nagda Ins. & Fin. Services, 682,
Ajanta Compound, Bhiwandi, Thane - 421305
Tel.: 02522 - 254012 / 254013 Mob.: 93235 25000
bipinpnagda@gmail.com
bipinnagda@bipinnagda.com
www.bipinnagda.com
Timing : 8 am to 8 pm • Sunday : 8 am to 1 pm

- **શ્રી બીપીન નાગડા**ને ૧૭/૧૮ નવેમ્બર ૨૦૧૬ના **ITC Grand Maratha Mumbai, ICICI Lombard Gen Ins. Co.** તરફથી **C.E.O. Elite Circle Club** (Highest Club - એનાયત કરવા આમંત્રણવામાં આવ્યા છે.
- **શ્રી બીપીનભાઈ**એ ધ ન્યુ ઇંડીયા એશ્યુરન્સ કંપની લી. સર્વોચ્ચ સન્માન **C.M.D. Club** નું સભ્યપદ પ્રાપ્ત કરેલ છે તે એનાયત કરવાનો સંભારમ ૨૬-૨૭ નવેમ્બર ૨૦૧૬ના કલકત્તા ખાતે યોજાશે.

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,